RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 151 Dt. 24-12-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




## ભારત-બાંગ્લાદેશ વચ્ચે વધ્યો તણાવ

### બાંગ્લાદેશે વિઝા સેવાઓ સ્થગિત કરવાની જાહેરાત કરી તો ભારતે હાઈ કમિશનર એમ. રિયાઝ હમીદુલ્લાહને પાઠવ્યું સમન્સ

નવીદિલ્હી, તા. ૨૩

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી રાજકીય તણાવ વધી રહ્યો છે. ગઈકાલે, બાંગ્લાદેશે ભારત માટે વિઝા સેવાઓ સ્થગિત કરવાની જાહેરાત કરી હતી, અને હવે ભારતે ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫, મંગળવારના રોજ એક અઠવાડિયામાં બીજી વખત બાંગ્લાદેશના હાઈ કમિશનર એમ. રિયાઝ હમીદુલ્લાહને સમન્સ પાઠવ્યા છે. સમન્સ પાઠવ્યાના થોડા સમય પછી હમીદુલ્લાહ વિદેશ મંત્રાલય પહોંચ્યા હતા. આ તાજેતરની ઘટના બાંગ્લાદેશે ભારતમાં બાંગ્લાદેશી રાજદ્વારી મિશનની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરવા માટે ઢાકામાં ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્માને સમન્સ પાઠવ્યાના થોડા કલાકો પછી બની છે. ૧૭ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, ભારતીય વિદેશ મંત્રાલયે ઢાકામાં ભારતીય હાઈ કમિશનરની આસપાસ સુરક્ષા ચિંતાઓનો ઉલ્લેખ કરીને ભારતમાં બાંગ્લાદેશ હાઈ કમિશનર એમ. રિયાઝ હમીદુલ્લાહને સમન્સ પાઠવ્યા હતા.



વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદીના મૃત્યુ બાદ બાંગ્લાદેશમાં તાજેતરમાં અશાંતિ જોવા મળી છે. શેખ હસીનાની સરકારને ઉથલાવી પાડનારા સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનોમાં હાદીને એક અગ્રણી વ્યક્તિ માનવામાં આવતો હતો. ગયા અઠવાડિયે, કેટલાક વિરોધીઓએ પણ ભારત સામે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. ફરી વિરોધ પ્રદર્શનો વચ્ચે, બાંગ્લાદેશના મૈમનસિંહમાં દીપુ ચંદ્ર દાસ નામના એક હિન્દુ વ્યક્તિની હત્યા કરવામાં આવી હતી. રાષ્ટ્રીય રાજધાનીમાં બાંગ્લાદેશ હાઈ કમિશનની બહાર અને દેશના વિવિધ ભાગોમાં આજે વહેલી સવારે વિરોધ પ્રદર્શનો કરવામાં આવ્યા હતા. નોંધપાત્ર રીતે, ઝડપથી બદલાતા રાજદ્વારી વિકાસમાં, નવી દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈ કમિશને સોમવારે વિઝા આપવાનું અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દીધું હતું, કમિશનના દરવાજા પર લગાવવામાં આવેલી એક સૂચનામાં જણાવાયું છે. સુરક્ષા ચિંતાઓ અને કોઈપણ અનિચ્છનીય ઘટના ટાળવા માટે બાંગ્લાદેશે આગામી સૂચના સુધી બધી સેવાઓ અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે વચગાળાની સરકારે અત્યાર સુધી આ ઘટનાઓ અંગે વ્યાપક તપાસ હાથ ધરી નથી કે ભારત સાથે વિશ્વસનીય પુરાવા શેર કર્યા નથી, વધુ વિગતો આપ્યા વિના.

ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશના એક નેતાએ ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યોના સંદર્ભમાં સેવન સિસ્ટર્સને અલગ પાડવાની ધમકી આપ્યાના એક દિવસ પછી હમીદુલ્લાહને સમન્સ પાઠવવામાં આવ્યા હતા. જોકે, વિદેશ મંત્રાલયે તેના નિવેદનમાં આ ટિપ્પણીનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી..ભારત વિરોધી કાર્યકર શરીફ ઉસ્માન હાદીના મૃત્યુ બાદ બે વર્ષમાં બીજી વખત બાંગ્લાદેશ ઉકળતું રહ્યું છે, જેની થોડા દિવસો પહેલા એક જાહેર કાર્યક્રમ દરમિયાન અજાણ્યા હુમલાખોરો દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન પ્રદર્શનકારીઓએ તોડફોડ અને આગચંપીનો આશરો લીધો હતો, અને હાદીની હત્યામાં ''ભારતનો હાથ'' હોવાનો દાવો કર્યો હતો. મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની બાંગ્લાદેશની વચગાળાની સરકારે સત્તાવાર રીતે આ દાવાને સમર્થન આપ્યું નથી.

## આસામમાં હિંસા: બેના મોત

### કાર્બી આંગલોંગમાં ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત : સુલેહ-શાંતિ ભંગની સંભાવના



નવીદિલ્હી, તા. ૨૩

બે જૂથો વચ્ચે મકાન ખાલી કરાવવાના મુદ્દા પર થયેલી અથડામણ દરમિયાન નવી હિંસા ફાટી નીકળ્યા બાદ, આસામ સરકારે મંગળવારે કાર્બી આંગલોંગ અને પશ્ચિમ કાર્બી આંગલોંગ જિલ્લામાં ઈન્ટરનેટ સેવાઓ અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી હતી. પ્રદર્શનકારીઓના બે જૂથો વચ્ચે અથડામણ થતાં ઓછામાં ઓછા આઠ લોકો ઘાયલ થયા હતા, અને પોલીસે તેમને વિખેરવા માટે લાઠીચાર્જ અને ટીયર-ગેસના શેલ છોડ્યા હતા. એક સત્તાવાર આદેશમાં, ગૃહ અને રાજકીય વિભાગે જણાવ્યું હતું કે વધુ જાહેર શાંતિ અને સુલેહ-શાંતિ જાળવવા અને વર્તમાન પરિસ્થિતિમાં કોઈપણ બગાડ અટકાવવા માટે, ઈન્ટરનેટ સેવાઓ અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે. આગામી આદેશો સુધી સસ્પેન્શન અમલમાં રહેશે. ''જોકે, સ્પષ્ટતા કરવામાં આવે છે કે ફિક્સ્ડ ટેલિફોન લાઇન પર આધારિત વોઈસ કોલ્સ અને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી આ સમયગાળા દરમિયાન કાર્યરત રહેશે,'' આદેશમાં જણાવાયું છે. ફાટેલી હિંસામાં બે લોકોના મોત પણ નીપજ્યા હોવાની વાત સામે આવી રહી છે.

આસામના ડીજીપી હરમીત સિંહ કહે છે, સરકાર તેમની સાથે વાત કરી રહી છે, અને એક તારીખ નક્કી કરવામાં આવી છે. તેમણે દુકાનો સળગાવી દીધી છે, અને અત્યાર સુધીમાં ૪૮ પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. કાર્બી આંગલોંગ અને પશ્ચિમ કાર્બી આંગલોંગ જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટને ગંભીર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે અહેવાલો મળ્યા છે, અને જાહેર શાંતિ અને સુલેહ-શાંતિ ભંગ થવાની સંભાવના હોવાની ગંભીર આશંકા છે, એમ તેમાં જણાવાયું છે. અગાઉ દિવસે, મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ કહ્યું હતું કે કાર્બી આંગલોંગમાં પરિસ્થિતિ ''ખૂબ જ સંવેદનશીલ'' છે. ''વરિષ્ઠ મંત્રી રણોજ પેગુ જિલ્લામાં હાજર છે. મને લાગે છે કે આ મામલો ટૂંક સમયમાં ઉકેલાઈ જશે,'' સરમાએ એક કાર્યક્રમ દરમિયાન જણાવ્યું હતું.

વિભાગના કમિશનર અને સચિવ બિસ્વાજીત પેગુએ આદેશમાં જણાવ્યું હતું કે ભડકાઉ સંદેશાઓ અને અફવાઓ ફેલાવવા માટે સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટનો ઉપયોગ થઈ શકે છે, જેનાથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. જાહેરાતનું કોઈપણ ઉલ્લંઘન કાયદા મુજબ શિક્ષાપાત્ર રહેશે, એમ તેમાં ઉમેર્યું હતું.

### લલિત મોદી-વિજય માલ્યાના વિડીયોથી રાજકીય ખળભરાટ
### માલ્યાના જન્મદિવસે વિડીયો ઉતારી ભારત પર કર્યો કટાક્ષ

## અમે સૌથી મોટા ભાગેડું : લલિત

નવીદિલ્હી, તા. ૨૩

બે ભાગેડુ ભારતીય ઉદ્યોગપતિઓ લાંબા સમયથી લંડનમાં આનંદ માણી રહ્યા છે. હવે, લલિત મોદી અને વિજય માલ્યા એક પાર્ટીમાં સાથે જોવા મળ્યા છે. આ વિજય માલ્યાની જન્મદિવસની પાર્ટી હતી, જેમાં લલિત મોદીએ પણ હાજરી આપી હતી. નોંધનીય છે કે, લલિત મોદીએ માલ્યાની જન્મદિવસની પાર્ટીનો એક વીડિયો શેર કર્યો હતો અને ભારત પર કટાક્ષ કર્યો હતો. વીડિયોમાં, તેમણે પોતાને અને વિજય માલ્યાને બે ''સૌથી મોટા ભાગેડુ'' ગણાવ્યા હતા. વીડિયોમાં, લલિત મોદી કહેતા સાંભળવામાં આવે છે, ''અમે બે ભાગેડુ છીએ, ભારતના સૌથી મોટા ભાગેડુ.'' લલિત મોદીએ સોમવારે પોતાના ઈન્સ્ટાગ્રામ પર આ વીડિયો પોસ્ટ કર્યો હતો. કેપ્શનમાં તેમણે લખ્યું હતું કે, ''ચાલો, હું એવું કંઈક કરીશ જે ઈન્ટરનેટ પર ફરીથી ધમાલ મચાવી દેશે. તમારા લોકો માટે કંઈક ખાસ. ઈર્ષ્યાથી તમારા હૃદયને ફાડી નાખો.'' અનેક લોન અને મની લોન્ડરિંગના આરોપોનો સામનો કરી રહેલા માલ્યા માર્ચ ૨૦૧૬ માં ભારત છોડીને ભાગી ગયા હતા. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ કેસોની સુનાવણી કરતી એક ખાસ અદાલતે જાન્યુઆરી ૨૦૧૯ માં વિજય માલ્યાને ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કર્યો હતો.



લલિત મોદી ૨૦૧૦ માં કરચોરી, મની લોન્ડરિંગ અને IPL સંબંધિત પ્રોક્સી માલિકીના આરોપો વચ્ચે ભારત છોડીને ભાગી ગયા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) નો દાવો છે કે લલિત મોદીએ ૨૦૦૯ માં IPL પ્રસારણ સોંપણી પ્રક્રિયામાં છેડછાડ કરી હતી, જેમાં કથિત રીતે ₹૧૨૫ કરોડ (આશરે ૧.૨૫ બિલિયન) થી વધુની લાંચ મળી હતી. ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યાના ૭૦મા જન્મદિવસની ઉજવણી માટે લલિત મોદીએ તેમના લંડન નિવાસસ્થાને એક પાર્ટીનું આયોજન કર્યું હતું. પાર્ટીમાં ઘણા લોકો હાજર રહ્યા હતા, અને લલિત મોદીએ આ કાર્યક્રમનો વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો.

લલિત મોદી લાંબા સમયથી મીડિયા સ્પોટલાઇટથી દૂર હતા. આ કાર્યક્રમ અને આવો વીડિયો સ્પષ્ટપણે મીડિયા હેડલાઇન બનવાની તેમની ઇચ્છાનું પરિણામ છે. આ પોસ્ટ પછી, લલિત મોદીએ તેમના સોશિયલ મીડિયા પર વિવિધ મીડિયા હાઉસ દ્વારા આવરી લેવામાં આવેલી ઘણી વાર્તાઓ પણ શેર કરી છે.

## સુરેન્દ્રનગર કલેક્ટર-ના.મામલતદારના ઘરે ED ત્રાટક્યું

### અનેક બેનામી સંપત્તિઓ અંગે ખુલાસા થાય તેવી શક્યતા : પાંચ જગ્યા ઉપર દરોડા

રાજકોટ, તા. ૨૩

સુરેન્દ્રનગરના કલેક્ટર, નાયબ મામલતદાર સહિતના અધિકારીઓના ઘરે ED ના દરોડા પાડવામાં આવ્યા છે. સુરેન્દ્રનગર કલેક્ટર ઓફિસમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના ઘરે દરોડા પાડવામાં આવ્યા છે. ગઈકાલે વહેલી સવારથી જ ED ના અધિકારીઓ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ED દ્વારા તપાસ થયા બાદ અનેક બેનામી સંપત્તિઓ અંગે ખુલાસા થાય તેવી શક્યતા છે. વઢવાણ શહેરમાં બે જગ્યા પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ED દ્વારા કલેક્ટરના બંગલા પર પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ED ના દરોડામાં અનેક મોટા ખુલાસા થાય તેવી શક્યતા માનવામાં આવી રહી છે.

સુરેન્દ્રનગર કલેક્ટરના બંગલે ૨ કલાકથી વધુ સમય સુધી સર્ચ ઓપરેશન ચાલ્યું હતુ. અન્ય ૪ જગ્યાઓ પર પણ ED દ્વારા સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું. મામલતદાર, નાયબ મામલતદાર, કોન્ટ્રાકટર, વકીલ સહિતના ઘરે ED દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. અલગ-અલગ સાતથી આઠ જગ્યાઓ પર તપાસ હાથ ધરવામાં આવી હતી.

સુરેન્દ્રનગર કલેક્ટર ડો. રાજેન્દ્ર પટેલ તેમજ ડેપ્યુટી મામલતદાર ચંદ્રસિંહ મોરીને ત્યાં ED દ્વારા તપાસ શરૂ કરતા ખળભળાટ મચી ગયો છે. ડો. રાજેન્દ્ર પટેલ ૨૦૧૫ની બેંચના IAS અધિકારી છે. તેમજ તેઓ હાલ સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. સુરેન્દ્રનગરમાં ક્લાસ-૧ અધિકારીને ત્યાં અચાનક ED દ્વારા દરોડા પાડવામાં આવતા સરકારી કર્મચારીઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.



સુરેન્દ્રનગરમાં ED દ્વારા તપાસને લઈ સરકારી અધિકારીઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. ૧૦ કલાકથી સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટરના બંગલામાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. બિનહિસાબી વ્યવહારોની તપાસ શરૂ કરવામાં આવી છે. કલેક્ટરના નિવાસ સ્થાન બહાર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તેમજ અવર જવર પણ બંધ કરી દેવામાં આવી છે.

જમીનના મુદ્દે EDની ટીમોએ દરોડા પાડ્યા હોવાની આશંકા સેવાઈ રહી છે. વઢવાણમાં નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીને ત્યાં પણ સર્ચ ઓપરેશન હાલ ચાલી રહ્યું છે. ૧૦ થી વધુ ટીમો કામગીરીમાં સામેલ છે. કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા સ્ટાફમાં પણ ED દ્વારા તપાસને લઈ ફફડાટ જોવા મળી રહ્યો છે. આ તપાસમાં ૮થી વધુ વાહનો અને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત જોવા મળ્યો છે. સ્થાનિક મીડિયા અને સોશિયલ મીડિયા પરથી મળતી માહિતી અનુસાર, આ કાર્યવાહી મની લોન્ડરિંગ અને બેનામી સંપત્તિ સંબંધિત આરોપોને લઈને હાથ ધરવામાં આવી છે. કેટલાક અહેવાલોમાં જમીન સંબંધિત અનિયમિતતાઓનો પણ ઉલ્લેખ છે. જોકે, ED તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી અને તપાસના મુદ્દા અંગેની વિગતો ગુપ્ત રાખવામાં આવી છે. આ પહેલા પણ સુરેન્દ્રનગરમાં આવા પ્રકરણો સામે આવ્યા છે, જેમ કે પૂર્વ કલેક્ટરના કેસમાં અનિયમિતતાઓના આરોપો થયા હતા. હાલ તપાસ ચાલુ છે અને વધુ વિગતો મળે તેમ જાણવા મળશે કે આ કાર્યવાહી કયા ચોક્કસ કેસ સાથે જોડાયેલી છે. આવી તપાસથી સરકારી તંત્રમાં પારદર્શિતા અને જવાબદારી વધે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

ભારત જમીન કા ટુકડા નહી, જીતા-જાગતા મહાપુરૂષ હૈ

# ભારત રત્ન અટલ બિહારી બાજપાઈજીનો કાલે જન્મદિવસ

## રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની વિચારધારામાં ઉછરેલા અટલજી રાજનીતિમાં ઉદારવાદ-સમતા સમાનતાના સમર્થક પ્રણેતા




રાજકોટ, તા. ૨૩

ભારતના રાજકીય ઈતિહાસમાં અટલ બિહારી વાજપેયીનું સંપૂર્ણ વ્યક્તિત્વ શિખર પુરુષ તરીકે નોંધાયેલુ છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની વિચારધારામાં ઉછરેલા અટલજી રાજનીતિમાં ઉદારવાદ અને સમતા સમાનતાના સમર્થક ગણાય છે. તેમણે રાજનીતિને દળગત અને સ્વાર્થની વૈચારિકતાથી અલગ હટીને અપનાવી અને જીવનમાં ઉતારી. નીતિગત સિદ્ધાંતો અને વૈચારિકતાની ક્યારેય કત્લેઆમ થવા દીધી નહીં. રાજનીતિક જીવનનાં ઉતાર ચઢાવમાં તેમણે આલોચનાઓ થવા છતાં પોતાના પર સંયમ જાળવી રાખ્યો. રાજનીતિમાં ધૂર વિરોધીઓ પણ તેમની વિચારધારા અને કાર્યશૈલીના કાયલ રહ્યાં. પોખરણ પરિક્ષણ કરીને દુનિયાના સૌથી તાકાતવર દેશ અમેરિકા સાથે અન્ય દેશોને પણ ભારતની શક્તિનો અહેસાસ કરાવ્યો. જનસંઘના સંસ્થાપકોમાંના એક અટલ બિહારી વાજપેયીના રાજનીતિક મૂલ્યોની ઓળખ પછીથી થઈ અને તેમને ભાજપ સરકારમાં ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યાં.

અટલ બિહારી વાજપેયીનો જન્મ મધ્ય પ્રદેશના ગ્વાલિયરમાં ૨૫ ડિસેમ્બર ૧૯૨૪ના રોજ થયો હતો. તેમના પિતા કૃષ્ણ બિહારી વાજપેયી શિક્ષક હતાં. તેમની માતા કૃષ્ણાજી હતાં. આમ તો મૂળ તેમનો સંબંધ ઉત્તર પ્રદેશના આગરા જિલ્લાના બટેશ્વર ગામ સાથે છે. પિતાજી મધ્ય પ્રદેશમાં શિક્ષક હતાં તેમનો જન્મ ત્યાં થયો. ઉત્તર પ્રદેશ સાથે તેમનો રાજનીતિક લગાવ સૌથી વધુ રહ્યો. પ્રદેશની રાજધાની લખનઉથી તેઓ સાંસદ રહ્યાં.

રાજનીતિમાં સંખ્યાના આંકડો સર્વોચ્ચ હોવાના કારણે ૧૯૯૬માં તેમની સરકાર માત્ર એક મતના કારણે પડી ગઈ. તેમણે વડાપ્રધાનનું પદ ગુમાવવું પડ્યું હતું. આ સરકાર ફક્ત ૧૩ દિવસ સુધી ચાલી હતી. ત્યારબાદ તેમણે વિપક્ષની ભૂમિકા ભજવી. ત્યારપછી થયેલી ચૂંટણીમાં તેઓ ફરીથી વડાપ્રધાન બન્યાં. રાજનીતિક સેવા વ્રત લેવાના કારણે તેઓ આજીવન કુંવારા રહ્યાં. તેમણે રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ માટે આજીવન અવિવાહિત રહેવાનો નિર્ણય લીધો હતો. અટલ બિહારી વાજપેયીએ પોતાની રાજકીય કુશળતાથી ભાજપને દેશમાં ટોચનું રાજનીતિક સન્માન અપાવ્યું.

એક કવિ તરીકે તેઓ ઓળખ બનાવવા માંગતા હતાં. પરંતુ શરૂઆત પત્રકારત્વથી થઈ. પત્રકારત્વ જ તેમના રાજનૈતિક જીવનની આધારશીલા બની. તેમણે સંઘના મુખપત્ર પાંચજન્ય, રાષ્ટ્રધર્મ અને વીર અર્જુન જેવા અખબારોનું સંપાદન કર્યું. ૧૯૫૭માં દેશની સંસદમાં જનસંઘના ફક્ત ચાર સભ્યો હતા. જેમાંથી એક અટલ બિહારી વાજપેયી હતાં. સયુંક્ત રાષ્ટ્ર સંઘમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા હિન્દીમાં ભાષણ આપનારા અટલજી પહેલા ભારતીય રાજનેતા હતાં. હિન્દીને સન્માનિત કરવાનું કામ વિદેશની ધરતી પર અટલજીએ કર્યું.

સૌથી પહેલા ૧૯૫૫માં લોકસભાની ચૂંટણી લડી. તેમાં તેમને પરાજયનો સામનો કરવો પડ્યો. ત્યારબાદ ૧૯૫૭માં ગોન્ડાની બલરામપુર બેઠકથી તેઓ જનસંઘના ઉમેદવાર તરીકે જીત્યા અને લોકસભામાં પહોંચ્યા. તેઓ મથુરા અને લખનઉથી પણ ચૂંટણી લડ્યા પરંતુ હારી ગયાં. અટલજીએ વીસ વર્ષો સુધી જનસંઘ અને સંસદીય દળના નેતા તરીકે કામ કર્યું. ઈન્દિરા ગાંધી વિરુદ્ધ જ્યારે વિપક્ષ એક થયો અને બાદમાં જ્યારે દેશમાં મોરારજી દેસાઈની સરકાર બની ત્યારે અટલજી વિદેશમંત્રી બન્યા હતાં.

ત્યારબાદ બનેલી ભારતીય જનતા પાર્ટીના સંસ્થાપકોમાંથી તેઓ એક હતાં. તે જ વર્ષે તેમને ભાજપના પાર્ટી અધ્યક્ષની કમાન સોંપાઈ. ત્યારબાદ ૧૯૮૬માં તેમણે ભાજપ અધ્યક્ષનું પદ સંભાળ્યું. કહેવાય છે કે સંસદમાં ઈન્દિરા ગાંધીને દુર્ગાનું ઉપનામ પણ તેમના તરફથી જ અપાયું હતું. તેમણે ઈન્દિરા ગાંધી સરકાર તરફથી ૧૯૭૫માં લાદવામાં આવેલી કટોકટીનો વિરોધ પણ કર્યો. અટલજી હંમેશાથી સમાજમાં સમાનતાના પોષક રહ્યાં. વિદેશ નીતિ પર તેમનો દ્રષ્ટિકોણ એકદમ સ્પષ્ટ હતો. તેઓ ઉદારીકરણ અને વિદેશી મદદના વિરોધી નહતા રહ્યાં પરંતુ તેઓ મદદ દેશહિત વિરુદ્ધ હોય, એવી નીતિને પ્રોત્સાહન આપવાના હિમાયતી નહતાં. તેમણે વિદેશ નીતિ પર દેશની અસ્મિતા સાથે કોઈ સમાધાન કર્યુ નહતું. ભારત આઝાદ થયો ત્યારબાદ દેશમાં જમણેરી વિચારધારા ના વિશ્વાસપાત્ર રાજનેતા એટલે અટલ બિહારી બાજપાઈ અનોખી ઓળખ મેળવી હતી, વાજપાયી ભારતીય લોકશાહીમાં અપૂર્વ શ્રદ્ધા રહી. તેમણે હંમેશા લોકશાહીના મૂલ્યોના જતન માટે કામગીરી કરી. વૈશ્વિક પડકારો બાદ પણ રાજસ્થાનના પોખરણમાં તેમમે ૧૯૯૮માં પરમાણુ પરિક્ષણ કર્યુ હતું. આ પરિક્ષણ બાદ અમેરિકા સહિત અનેક દેશોએ ભારત પર આર્થિક પ્રતિબંધ લગાવ્યાં હતાં. આમ, અટલબિહારી વાજપેયી એક વિદ્વાન, નિષ્ઠાવાન અને જનહિતને અગ્રસ્થાને રાખીને રાજનીતિ કરનાર રાજનેતા તરીકે કાયમ ઓળખાશે.

# સોલાર પેનલની સબસિડી અને ફીટીંગના નામે લાખોની ઠગાઈ

### શ્રીજી ઈલેક્ટ્રીકના સંચાલક મંથન સતાસીયાએ દિનેશભાઈ વસોયા સહિત અનેક લોકોને સબસિડી અપાવવાના બહાન ચૂનો લગાવ્યોઃ આજીડેમ પોલીસે ગુનો દાખલ કર્યો

રાજકોટ તા. ૨૩

શહેરમાં પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ સબસિડી અપાવવાના બહાને અને સોલાર પેનલ નાખી આપવાના નામે નિર્દોષ નાગરિકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કોઠારીયા રોડ પર આવેલી 'શ્રીજી ઈલેક્ટ્રીક'ના સંચાલક મંથન દિનેશભાઈ સતાસીયાએ અનેક લોકો પાસેથી નાણાં ઉઘરાવી કામ ન કરી આપી અથવા સબસિડીના નામે છેતરપિંડી કરી દુકાન બંધ કરી ફરાર થઈ ગયા હોવાની ફરિયાદ આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

કોઠારીયા રોડ પર ગોવિંદ ગ્રીન સીટીમાં રહેતા અને શાપરની ખાનગી કંપનીમાં નોકરી કરતા દિનેશભાઈ ભીખાભાઈ વસોયાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, ઓક્ટોબર ૨૦૨૪માં તેમણે સોલાર પેનલ નખાવવા માટે મંથન સતાસીયાનો સંપર્ક કર્યો હતો. મંથને ૩.૨૪ કિલોવોટની પેનલ બેસાડવા માટે રૂ. ૧,૫૪,૦૦૦નો ખર્ચ જણાવ્યો હતો અને ખાતરી આપી હતી કે સરકારની યોજના હેઠળ રૂ. ૭૮,૦૦૦ની સબસિડી તે મંજૂર કરાવી આપશે. દિનેશભાઈએ એપેક્સ એન્ટરપ્રાઈઝના નામે ચેક આપ્યો હતો, જે વટાવી લેવા છતાં કામ કરવામાં વિલંબ થયો હતો અને અંતે સબસિડીના નાણાં પરત ન આવતા છેતરપિંડીનો અહેસાસ થયો હતો.

દિનેશભાઈએ જ્યારે તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે આ છેતરપિંડી માત્ર તેમની સાથે જ નથી થઈ. તેમની જ શેરીમાં રહેતા લીલાવંતીબેન ધડુક પાસેથી પણ મંથને રૂ. ૧,૫૮,૦૦૦ લીધા હતા અને તેમને પણ સબસિડીના રૂ. ૭૮,૦૦૦ મળ્યા ન હતા. આ ઉપરાંત, સોલાર પેનલ ફીટ કરવાનું કામ કરતા લાલજીભાઈ રાઠોડ પોતે પણ આ જાળમાં ફસાયા હતા, જેમણે પોતાના ઘરે સોલાર લગાવવા રૂ. ૧,૫૫,૦૦૦ ચૂકવ્યા હતા પરંતુ સબસિડીથી વંચિત રહ્યા હતા.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે વિશાલભાઈ રાઠોડના મામા કાનજીભાઈ સિંધવ પાસેથી સોલાર પેનલ નાખવાના નામે રૂ. ૯૭,૦૦૦ ચેકથી અને તેમના સાળા સુરેશભાઈ ચાવડા પાસેથી રૂ. ૧,૫૦,૦૦૦ રોકડા મંથન સતાસીયાએ લીધા હતા. આ કિસ્સામાં તો આરોપીએ નાણાં લીધા બાદ સોલાર પેનલ ફિટ પણ કરી ન હતી અને પૈસા પણ પરત આપ્યા ન હતા.

ભોગ બનનાર લોકોએ જ્યારે વારંવાર ઉઘરાણી કરી ત્યારે આરોપી મંથન સતાસીયા અલગ-અલગ બહાના બતાવતો હતો. અંતે તે પોતાની દુકાન બંધ કરી અને મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી ગાયબ થઈ ગયો હતો. કુલ મળીને આશરે રૂ. ૪,૮૧,૦૦૦ (સબસિડીના નાણાં અને એડવાન્સ રકમ મળીને) થી વધુની છેતરપિંડી આચરી હોવાની વિગતો સામે આવી છે. દિનેશભાઈ વસોયાની ફરિયાદના આધારે પોલીસે મંથન સતાસીયા વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કરોડોનું ફૂલેકું ફેરવનાર યુનિવર્સિટી રોડની ક્રેડિટ સોસાયટી સામે વધુ એક ગુનો

# દૈનિક બચત યોજનાના નામે બકાલીના રૂા. ૩.૧૨ લાખ હડપ કરી જવાયા

### જેલહવાલે રહેલા ચેરમેન અંશુમન દવે અને એજન્ટ વિરૂધ્ધ યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ

રાજકોટ તા. ૨૩

શહેરમાં સામાન્ય શ્રમજીવી લોકોની પરસેવાની મૂડી ઉઠાવી જતી ક્રેડિટ સોસાયટીઓનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પંચાયત ચોક સ્થિત 'સંકલ્પસિદ્ધ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી'ના સંચાલકોએ રૈયા ગામના એક દેવીપૂજક પરિવાર સાથે લાખોની છેતરપિંડી આચરી હોવાની વિધિવત ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.




આ છેતરપિંડીનો મુખ્ય ખેલ રાજકોટના યુનિવર્સિટી રોડ પર પંચાયત ચોકમાં આવેલી 'સંકલ્પસિદ્ધ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી'ની ઓફિસે ખેલાયો હતો. રૈયા ગામ, ૧૦૦ વારિયા પ્લોટમાં રહેતા અને શાકભાજીનો ધંધો કરતા ધીરુભાઈ પોપટભાઈ જખાણીયાને આ સોસાયટીના એજન્ટ જિતેન્દ્રસિંહ જાડેજાએ વિશ્વાસમાં લઈ રોકાણ કરાવ્યું હતું. શરૂઆતમાં નાની બચત સ્વીકારી સમયસર વ્યાજ ચૂકવી વિશ્વાસ કેળવ્યા બાદ મોટી રકમની એફ.ડી. પડાવી લેવામાં આવી હતી.

ફરિયાદી ધીરુભાઈ છેલ્લા ૫૦ વર્ષથી રૈયા ગામમાં રહે છે અને આલાપ ગ્રીન પાસે શાકભાજીની લારી ચલાવે છે. તેમણે પોતાની અને પોતાના પત્ની રાણીબેન તથા પુત્ર હાર્દિકની મરણમૂડી સમાન કુલ ૩,૧૨,૦૦૦ આ સોસાયટીમાં જમા કરાવ્યા હતા. જેમાં ૩,૧૦,૦૦૦ ફિક્સ ડિપોઝિટ તરીકે અને ૨,૦૦૦ દૈનિક બચતના હતા. વર્ષ ૨૦૨૦ માં લોકડાઉન દરમિયાન જ્યારે એજન્ટ જિતેન્દ્રસિંહ પૈસા લેવા આવતા બંધ થયા, ત્યારે ધીરુભાઈ પંચાયત ચોક સ્થિત સોસાયટીની ઓફિસે તપાસ કરવા ગયા હતા. ત્યાં હાજર ચેરમેન અંશુમન મુકુંદભાઈ દવેએ ખોટા વાયદા આપી બીજા દિવસે બોલાવ્યા હતા. જોકે, બીજા દિવસે જ્યારે ધીરુભાઈ પરિવાર સાથે પહોંચ્યા ત્યારે ઓફિસે તાળા લટકેલા જોવા મળ્યા હતા અને ચેરમેન સહિતના હોદ્દેદારો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. ધીરુભાઈએ જ્યારે તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે ચેરમેન અંશુમન દવે અન્ય ગુનાઓમાં અગાઉથી જેલમાં છે. એજન્ટ જિતેન્દ્રસિંહ જાડેજા પણ માત્ર મિલકત વેચીને પૈસા પરત આપવાના ખોટા વાયદાઓ જ આપતો હતો. અંતે, છેતરાયાનો અહેસાસ થતા ધીરુભાઈએ વકીલ મારફતે આ બંને શખ્સો વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ દાખલ કરી છે. એ.એસ.આઈ. વી.ડી. ઝાલાએ આ મામલે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

### વિદ્યાર્થીઓની સમસ્યા બાબતે નિરાકરણ નહી મળે તો ૨૫ મી સમાજ કલ્યાણ વિભાગના મંત્રીનો ઘેરાવની કોંગ્રેસની ચીમકી

# સમરસ હોસ્ટેલમાં પ્રાથમિક સુવિધાઓ બાબતે હોબાળો

### અધિકારીઓની ચેમ્બરમા ધરણા : જમવાની ગુણવતા અને અન્ય પ્રાથમિક સુવિધા મુદ્દે નિરાકરણની ખાતરી

રાજકોટ, તા. ૨૩

સમરસ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને હાલ અનેકવિધ સુવિધાઓના અભાવે હેરાનગતિ નો સામનો કરવો પડી રહ્યો છે જેમાં જમવામા વારેવારે ગુણવતાવિહીન કક્ષાનુ ભોજન આપવામા આવે છે,અનેક વાર જીવાત પડેલી હોય છે,શાકમા પાણીનુ પ્રમાણ વધુ,છાસ પાણી જેવી,રોટલી ગુણવતા તૂટે નહીં તેવી રબ્બર જેવી,ગંદકી, સિંગતેલની જગ્યાએ અન્ય તેલ વપરાય - જેથી વિદ્યાર્થીઓને વેફરના પડીકા ખાયને સૂવાની મજબુરી ઉભી થાય છે

પીવાના પાણીના ફિલ્ટર પ્લાન્ટ મોટાભાગના બંધ હાલતમા છે જેથી વિદ્યાર્થી ઓને બહારથી પીવાનું પાણી લેવા મજબુરી ઉભી થાય છે. તો સાથોસાથ લિફ્ટ મોટા ભાગે બંધ હાલતમા હોવાથી વિદ્યાર્થીઓને હરરોજ ૮-૯ માળ ઉપર ચડવું પડે છે . લાઈટ,પંખા,વાપરવાના પાણીના અમુક નળ બંધ હાલતમા છે જેથી વિદ્યાર્થીઓને રહેવામા અનેક પ્રકારની અગવડતા ઊભી થાય છે

બાથરૂમમા પાણી ના આવવાના કારણે વિદ્યાર્થીઓને નાહવા કે ફ્રેશ થવા લાઈનો લાગે છે જેથી કોલેજોમા અને પરીક્ષાઓમા વિદ્યાર્થીઓને મોડું થાય છે . આ મુદે વિદ્યાર્થીઓએ અનેકવાર સબંધિત વિભગાઓના અધિકારીઓના રજુઆત કર્યા બાદ પણ આ તમામ પ્રશ્ન ના ઉકેલાતા આજે કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતની આગેવાનીમા સમરસ હોસ્ટેલના પટાંગણમા આજે વિદ્યાર્થીઓને સાથે રાખી હલ્લાબોલ કરવામા આવ્યો હતો.મોટી સંખ્યામા વિદ્યાર્થીઓએ સમસ્યાઓથી ત્રસ્તને લઈને નારાઓ લગાવતા આખુ કેમ્પસ સરકાર વિરોધી નારાઓથી ગુંજી ઉઠ્યું હતું.



વિદ્યાર્થીનેતા રોહિતસિંહે ગંભીર આક્ષેપ કર્યા હતા કે સરકારે આ હોસ્ટેલની જેને જવાબદારી સોંપી તે અધિકારીઓ જાણીજોઈને વિદ્યાર્થીઓને કનગડત કરી રહ્યા છે કારણ કે આ મળેલી હોસ્ટેલની જવાબદારીથી ત્રસ્ત થઈ બીજે બદલી થાય એ તેની મોનોપોલી લાગે છે જેને લીધે તે પોતાની જવાબદારીથી જાણી જોઈને દૂર ભાગે છે. જમવાનો જેને કોન્ટ્રાક્ટ અપાયો તે એજન્સીને બચાવવામા જ વ્યસ્ત રહે છે જેને કારણે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના વિદ્યાર્થીને નબળી કક્ષાનુ જમવાનુ પીરસાય છે. જેને કારણે અનેક બીમારીઓ પણ વિદ્યાર્થીઓને ઉદ્દભવે છે

તેઓએ ગંભીર આક્ષેપ કર્યા હતા કે વિદ્યાર્થીઓએ વારવાર રજૂઆત બાદ અમે ત્રણ દિવસ અગાવ હોસ્ટેલ રૂબરૂ આવી સબંધિત અધિકારીઓને રજૂઆત કરી હતી પરંતુ તેઓએ ગંભીરતા ના દાખવતા આજે અમારે આવવુ પડ્યું છે. અમે કલેક્ટર સાહેબ અને માર્ગ મકાન વિભાગના અધિકારીઓને પણ ત્રણ દિવસ ધ્યાન દોરીને સમસ્યાનુ નિરાકરણ માટે રજુઆત કરી હતી પરંતુ કોઈને ગરીબ પરિવારના વિદ્યાર્થીઓને ન્યાય મળે તેમ રસ નથી તે દુઃખદ છે.

રાજપુતે સબંધિત અધિકારીઓને ચેલેન્જ આપતા જણાવ્યુ કે વાઈબ્રન્ટ સમિટમા ઉદ્યોગપતિ કે નેતાઓને જે જમાડવાના છો તેમ એક વાર જીવાત આવે તેવી ભૂલ થશે ? ત્યાં કેમ સોનાની થાળીમા પાંચ હજારની થાળી અને ગરીબ પરિવારના વિદ્યાર્થી ઓને જીવજંતુ રહિત ? સરકાર માટે આ શરમજનક બાબત કહેવાય કે આટલી ગ્રાન્ટની ફાળવણી છતાં વિદ્યાર્થીઓને યોગ્ય પ્રાથમિક સિવિધાઓ નહીં ? જવાબદાર અધિકારીઓ કેમ ધ્યાન નથી દેતા !

વિદ્યાર્થીઓએ હોબાળો મચાવતા પોલીસ પણ દોડી આવી હતી અને મામલો થાળે પાડવા પ્રયાસ કર્યો હતો. હોસ્ટેલમા આવેલ અધિકારીની ચેમ્બરમા કાર્યકરો અને વિદ્યાર્થી ઓએ રામધુન બોલાવતા સમાજ કલ્યાણના ડેપ્યુટી ડાયરેક્ટર દોડી આવ્યા હતા. વિદ્યાર્થી ઓએ અધિકારીને મોઢે મોઢ સમસ્યાઓના ઢગલા પરખાવ્યા હતા. કોંગ્રેસનાં નેતા રોહિત રાજપૂતે રાજકોટના કલેક્ટરને પણ ફોન કરીને સમસ્યાઓ અંગે માહિતગાર કર્યા હતા. જો જવાબદાર અધિકારી આનંદબા ખાચરે વિદ્યાર્થીઓને સમસ્યાઓની નિરાકરણી ખાતરી અને જવાબદાર ઉપર કડક કાર્યવાહીની ખાતરી આપી હતી જેથી મામલો થાળે પડ્યો હતો.

કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિત રાજપૂતનો સંપર્ક કરતા જણાવ્યું હતુ કે વિદ્યાર્થીઓને પ્રાથમિક સુવિધાઓથી વંચિત રાખવામા આવે છે તે દુઃખદ છે. જાડી ચામડીના અધિકારીઓ ગરીબ પરિવારના વિદ્યાર્થીઓને હેરાનગત કરી રહ્યા હોય તેવું અમને લાગે છે જેથી આજે અમે ધરણા કર્યા હતા. જો આ સમસ્યાઓનુ નિરાકરણ નહીં આવે તો સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે પદવીદાન સમારોહમા સમાજ કલ્યાણ વિભાગના મંત્રીશ્રી આવનાર છે ત્યાં અમે વિદ્યાર્થીઓને સાથે રાખી જરૂર પડ્યે ઘેરાવ કરતા અચકાવાના નથી.

# પાથરણાં-ફેરિયાઓના ત્રાસ સામે લાખાજીરાજ રોડ બંધ

## ધર્મેન્દ્ર રોડના ધંધાર્થીઓ બંધથી દુર રહ્યાં: મોટી સંખ્યામાં વેપારીઓ મહાનગરપાલિકા કચેરી ખાતે ધસી આવી કમિશનરને આવેદનપત્ર આપ્યું

રાજકોટ, તા. ૨૩

શહેરના હાર્દસમા લાખાજીરાજ રોડ પર પાથરણાં વાળા અને ફેરિયાઓ દ્વારા ધંધા રોજગાર માટે અવારનવાર દબાણ ખડકી દેવામાં આવતું હોય આજે લાખાજીરાજ રોડના વેપારીઓએ શાંતિ પૂર્ણ સજ્જડ બંધ પાળી વિરોધ નોંધાવ્યો હતો. વેપારીઓ સાંગણવા ચોકમાં ધરણાં ઉપર બેસી જતા ધારાસભ્ય ડો. દર્શિતા બેન શાહ, રમેશભાઈ ટીલાળા દોડી ગયા હતા અને વેપારીઓની રજૂઆતો સાંભળી હતી. તેઓએ વેપારીઓની માંગણી વ્યાજબી હોય તેમની મુશ્કેલીનો કાયમી ઉકેલ મળે તેવા પ્રયાસો કરવા ખાતરી આપી હતી. આ પછી વેપારીઓ મોટી સંખ્યામાં મહાનગરપાલિકા કચેરી ખાતે ધસી આવ્યા હતા અને કમિશનર તુષાર સુમેરાને આવેદનપત્ર આપી ઊગ્ર રજૂઆત કરી હતી. ત્યારબાદ વેપારીઓ સાથે શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, ધારાસભ્યો રમેશભાઈ ટીલાળા ડો. દર્શિતા બેન શાહ, મેયર નયનાબેન પેઢડિયા સ્ટેન્ડિંગ ચેરમેન જયમિન ઠાકરે બેઠક કરી લાખાજીરાજ રોડ પર સળંગ ત્રણ મહિના સુધી દબાણ હટાવ ડ્રાઈવ કરવાની ખાતરી આપી હતી.

લાખાજીરાજ રોડ પર દિવાળી કે સાતમ આઠમ જેવા તહેવારો દરમિયાન પાથરણાં વાળા અને ફેરિયાઓ અડિંગો જમાવી દેતાં હોવાથી વેપારીઓને અવાર નવાર ઘર્ષણ થતું આવ્યું છે. પણ, હવે આ ત્રાસ દરરોજનો થઈ ગયો છે. એમા પણ રવિવારે ભરાતી ગુજરી બજારમાં ભીડને કારણે વેપારીઓને પોતાની જ



દૂકાનમાં જવા આવવા માટે સાત કોઠા પસાર કરીને જવું પડે તેવી સ્થિતિ ઉભી થાય છે. પાથરણાં વાળા અને ફેરિયાઓ ના ત્રાસ સામે લાખાજીરાજ રોડ મર્ચન્ટ એસોસિયેશન દ્વારા આજે અડધો દિવસ લાખાજીરાજ રોડ બંધ રાખી ઉપવાસ આંદોલનની ગઈકાલે અપાયેલી ચિમકી અનુસાર આજે સવારથી જ વેપારીઓએ તેમના કામ ધંધા બંધ રાખી સાંગણવા ચોકમાં ધરણાં ઉપર બેસી ગયા હતા. અને જો આ સમસ્યા કાયમી હલ નહીં થાય તો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી આપી હતી.

બનાવના પગલે ધારાસભ્ય ડો. દર્શિતા બેન શાહ અને રમેશભાઇ ટિલાળા દોડી ગયા હતા. અને વેપારીઓની રજૂઆતો સાંભળી તેમની રજૂઆત સાચી હોવાનું કહી પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવા ખાતરી આપી હતી. બપોરે મોટી સંખ્યામાં વેપારીઓ મહાનગરપાલિકા કચેરી ખાતે ધસી આવ્યા હતા અને કમિશનર તુષાર સુમેરાને મળી લેખિત આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં મહાનગરપાલિકાની કામગીરી સામે પ્રશ્નો ઉઠાવાયા હતાં અને વેપારીઓને આ ત્રાસમાંથી મુક્ત કરવા લાખાજીરાજ રોડને નો ફેરિયા ઝોન જાહેર કરવા માંગણી કરી હતી.

બન્ને ધારાસભ્યો રમેશભાઈ ટીલાળા અને ડો. દર્શિતા બેન શાહ શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, અને સ્ટેન્ડિંગ ચેરમેન જયમિન ઠાકરની હાજરીમાં પત્રકારો સાથે અનૌપચારિક વાતચીત કરતાં જણાવ્યું હતું કે, અગાઉ દિવાળી અને સાતમ આઠમના તહેવારો પર પણ આ સમસ્યા લઈને વેપારીઓ રજૂઆત કરવા આવ્યા હતા. ત્યારે મહાનગરપાલિકાએ આ મુદ્દો હલ કરી દેતાં વેપારીએ સંતોષ વ્યક્ત કર્યો હતો. હવે છ મહિનામાં ફરી એ જ પ્રશ્ન સમસ્યા લઈને વેપારીઓએ આંદોલન શરૂ કર્યું છે.

સ્ટેન્ડિંગ ચેરમેન જયમિન ઠાકરે પણ એવું કહ્યું હતું કે, વેપારીઓની અગાઉની રજૂઆતો આધારે પાથરણાં વાળા અને ફેરિયાઓને વેપાર ધંધા માટે લાખાજીરાજ સ્કૂલ પાસે જગ્યા આપવામાં આવી છે. પણ ત્યાં વેપાર થતો નથી તેવા બહાના હેઠળ પાથરણાં વાળા અને ફેરિયાઓ લાખાજીરાજ રોડ પરથી હટવા તૈયાર નથી. તેમણે એવું કહ્યું હતું કે, મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા લાખાજીરાજ રોડ પર દરરોજ ડ્રાઈવ કરે છે. હવે ટ્રાફિકને અડચણરૂપ પાથરણાં વાળા અને ફેરિયાઓને હટાવવાની કામગીરી ટ્રાફિક પોલીસે પણ કરવી જોઈએ. વેપારીઓની લાખાજીરાજ રોડ નોન ફેરિયા ઝોન જાહેર કરવાની માગણી છે પણ, આ નીતિ વિષયક મુદ્દો હોય અન્ય મહાનગરપાલિકાની નીતિનો અભ્યાસ કરી નિર્ણય લેવાશે તેમ તેઓએ ઉમેર્યું હતુ.

### ત્રણ મહિના સુધી સતત ડ્રાઇવ કરવા તંત્રની ખાતરી: રજુઆતમાં ધારાસભ્યો રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ અને વોર્ડ નંબર ૭ ના કોર્પોરેટર નેહલ શુકલ પણ જોડાયા : નો ફેરિયા ઝોન નીતિ વિષયક મુદ્દો ગણી અન્ય મનપાની નીતિનો અભ્યાસ કરી નિર્ણય લેવાશે

### ૧૫૦૦ વેપારીઓનો પ્રશ્ન હલ નહીં થાય તો આઠ દિવસ બજાર બંધ રાખીશું

દરમિયાન લાખાજીરાજ મર્ચન્ટ એસોસિયેશનના પ્રમુખ મહેશભાઈ મહેતાએ એવું કહ્યું હતું કે, આ પ્રશ્ન લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ અને સાંગણવા ચોક સહિતના વિસ્તારોના ૧૫૦૦ થી વધુ વેપારીઓને છેલ્લા પાંચ વર્ષથી કનડતો પ્રશ્ન છે. જો આ પ્રશ્નનો કાયમી ઉકેલ નહીં આવે તો તમામ બજારો આઠ દિવસ સુધી બંધ રાખી અમારો વિરોધ નોંધાવીશું. પાથરણાં વાળા અને ફેરિયાઓના દબાણને કારણે પાંચ વર્ષથી વેપારીઓ ધંધો રોજગાર કરી શકતા નથી અને અવારનવાર ચોરીના બનાવો બને છે. રવિવારી બજારને કારણે એવી પરિસ્થિતિ હોય છે કે, વેપારીઓ તેમની દૂકાનમાં પણ જઈ શકતા નથી. આ સમસ્યા માટે મહાનગરપાલિકા અને પોલીસ તંત્રમાં અનેક વખત રજૂઆતો કરી છે છતાં પ્રશ્ન હલ થતો નથી.

### કાયમી પોલીસ બંદોબસ્ત મુકો ખર્ચો હું આપીશ : નેહલ શુકલ

વોર્ડ નંબર ૭ ના કોર્પોરેટર નેહલ શુકલે પદાધિકારીઓ અને વેપારીઓ વચ્ચેની બેઠકમાં એવું કહ્યું હતું કે, કોઈ પણ સ્થળે કાયમી પોલીસ બંદોબસ્ત મુકવો હોય તો જરૂરી રકમ ભરપાઈ કરવી પડે છે. જો મહાનગરપાલિકા આ રકમ ભરપાઈ કરવા તૈયાર ન હોય તો ખર્ચો હું આપીશ. પણ, વેપારીઓને આ સમસ્યામાંથી છુટકારો આપો.

### આ કોઈ એક વિસ્તારની સમસ્યા નથી : ટીલાળા

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ પણ એવું કહ્યું હતું કે બજારમાં કે જાહેર માર્ગો પર દબાણો એ કોઈ એક વિસ્તારની સમસ્યા નથી. રાજકોટના કોઈપણ વિસ્તારમાં કે બજારમાં આ સમસ્યા કાયમી સમસ્યા છે અને તે હલ થવી જોઈએ.

### દબાણો જરા પણ નહીં ચાલે, દુર થશે જ : કમિશનર સુમેરા

વેપારીઓનાં આવેદન અને રજૂઆતો બાદ કમિશનર તુષાર સુમેરાએ એવી ધરપત આપી હતી કે લાખાજીરાજ રોડ હોય કે અન્ય કોઈ પણ સ્થળ હોય. જાહેર માર્ગો પર, માર્કેટોમાં જરાપણ દબાણો ચલાવી નહીં લેવાય. તમામ સ્થળોએથી દબાણો દૂર કરવામાં આવશે.

# લાખાજીરાજ રોડ જ નહીં અન્ય સાત રોડ પણ દબાણગ્રસ્ત

## દબાણ હટાવ શાખાને આઠ મહિનામાં દબાણ ૧૦,૧૩૦ ફરિયાદો મળી

રાજકોટ , તા. ૨૩

લાખાજીરાજ રોડના વેપારીઓએ પાથરણાં વાળાના દબાણ અને ત્રાસ સામે બંધ પાળી અને અન્નશન કરી તંત્રનું ધ્યાન દોર્યું છે ત્યારે, માત્ર લાખાજીરાજ રોડ જ નહીં પણ દબાણ હટાવ શાખાનાં ચોપડે એવાં સાત રસ્તા નોંધાયેલા છે કે જ્યાં લાખાજીરાજ રોડ જેવી જ કે પછી એનાથી પણ બદતર સ્થિતિ છે! મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા દરરોજ અલગ અલગ વિસ્તારોમાં ડ્રાઈવ કરવામા આવે છે. ત્યારે દબાણ હટાવ શાખાનાં ચોપડે વધુ દબાણો વાળા વિસ્તારો કે મુખ્ય માર્ગો છે તેમાં લાખાજીરાજ રોડ ઉપરાંત જ્યુબિલિ, રેલવે જંકશન રોડ, વેસ્ટ ઝોનમાં રાણી ચોક, મવડી મેઇન રોડ, રામદેવ પીર ચોકડી, રૈયાધાર મુખ્ય છે. જોકે રાજકોટના ૧૮ વોર્ડના એક પણ મુખ્ય માર્ગો કે રાજમાર્ગો દબાણ વગરના નથી એ હકીકત સૌ કોઈ જાણે છે.

દબાણ હટાવ શાખાને અલગ અલગ વિસ્તારોમાંથી દરરોજ લગભગ ૧૦૦ જેટલી ફરિયાદો મળે છે. નવાં નાણાકીય વર્ષ એપ્રિલથી નવેમ્બર સુધીના આઠ મહિનામાં આ ફરિયાદ ૧૦, ૩૦૦ જેટલી છે. આ ફરિયાદોની સંખ્યા જ બતાવે છે કે રાજકોટમાં દબાણો કેટલાં છે. આ સામે દબાણ હટાવ શાખાએ આ આઠ મહિનામાં માત્ર ને માત્ર ૮૬૪ રેંકડી કેબિનો કબજે કરી છે. આમાં એપ્રિલ મહિનામાં ૧૬૫, મે મહિનામાં ૯૯, જૂન મહિનામાં ૧૦૦, જૂલાઇ મહિનામાં ૯૪, ઓગસ્ટ મહિનામાં ૭૮, સપ્ટેમ્બર મહિનામાં ૧૨૬, ઓક્ટોબર મહિનામાં ૪૬ અને નવેમ્બર મહિનામાં ૧૫૬ મળી કુલ ૮૬૪ રેંકડી કેબિનો કબજે કરી છે .

દબાણ હટાવ શાખાના સૂત્રોએ જણાવ્યું હતું કે અમારી પાસે રાજકોટના વિસ્તારો મુજબ સ્ટાફ નથી. સવારે ૧૦ થી બપોરે ૨, અને બપોરે ૨ થી રાત્રીના ૧૦ એમ બે ટીમ કામ કરે તો ૩૬ ટીમ હોય તો સારી રીતે કામ કરી શકાય તેમ છે પણ અપુરતો સ્ટાફ અને ટાચા સાધનો હોવાથી હાલમાં કમિશનર દ્વારા દબાણ હટાવ શાખાની ક્લબ ટીમ બનાવી છે. જેમાં ઝોન મુજબ કામગીરી થાય છે. જે મુજબ ઝોન વાઇઝ બે ટીમ સવાર સાંજ કામ કરે છે.

# કોરાટ ચોક પાસે બ્રીજ પડી ભાંગ્યો

## રૂડાએ કહ્યું બ્રિજને ડીસમેન્ટલ કરાયો છે : એક ભાગ બેસી જતા ભવિષ્યમાં દુર્ઘટના ન ઘટે તે માટે તોડી પડાયો



રાજકોટ, તા. ૨૩

મહાનગરપાલિકાના વિભાગોની કામગીરી હાલ જે ગતિએ જોવા મળી રહી છે અને જે પ્રકારની જોવા મળી રહ્યો છે તેનાથી એ વાત તો સ્પષ્ટ છે કે માત્ર કામ કરવા ખાતર જ કામ થઈ રહ્યા છે. મળતી માહિતી મુજબ નવા રીંગરોડ ઉપર આવેલા કોરાટ ચોક પાસે જે બ્રિજનું નિર્માણ થઈ રહ્યું છે તે પડી ભાંગ્યો હતો અને કાટમાળ જોતા કયા પ્રકારની કામગીરી કરવામાં આવી છે તેમનો અનુભવ પણ થયો હતો. મળતી માહિતી મુજબ નબળી ગુણવત્તા નું મટીરીયલ વાપરી કૌભાંડ આચાર્યનું હાલ ચર્ચા રહ્યું છે ત્યારે આ બાબતે યોગ્ય તપાસ હાથ ધરવામાં આવશે એ કેમ તે અંગે હજી અસમાન જાતની સ્થિતિ ઊભી થઈ છે અને ક્યાંક ને ક્યાંક કૌભાંડ આચાર્ય હોય તેવું પણ જણાઈ રહ્યું છે. તો સામે રૂડા દ્વારા કહેવામાં આવ્યું છે કે આ બ્રિજને ડીશ મેન્ટલ કરવામાં આવ્યું છે અને કોઈ પણ પ્રકારનો કૌભાંડ આચરવામાં આવ્યો નથી.

સંબંધિત વિભાગના અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, પુલ તૂટ્યો નથી પણ તંત્ર દ્વારા પુલને ડિસમેન્ટલીંગ કરવામાં આવ્યો છે. એન્જિયરને જાણ થઈ હતી કે, એક ટેકો બેસી ગયો છે. આ ટેકો બેસવાને કારણે બ્રિજ નમી ગયો હતો. ભવિષ્યમાં કોઇ દુર્ઘટના ન થાય તે માટે ડિસમેલ્ટલિંગ કરવામાં આવ્યું છે. પુલ કાસ્ટિંગ દરમિયાન ટેકાનું વેલ્ડિંગ તૂટી જતા સ્લેબ ચાર ઇંચ બેસી ગયો હતો જેથી આ કરવામાં આવ્યું હતુ. કોરાટ ચોક પાસે પાયો એક તરફ નમી ગયો હોવાને કારણે બ્રિજનો વચ્ચેનો ભાગ બેસી ગયો છે. આ બ્રિજના તૂટેલા ભાગના કાટમાળને જેસીબી મશીનની મદદથી દૂર કરવામાં આવી રહ્યો છે. સદનસીબે આ દુર્ઘટનામાં જાનહાનીના કોઈ સમાચાર મળ્યા નથી. ધરાશાયી થયેલા બ્રિજને હટાવવાની તાત્કાલિક કામગીરી ચાલી રહી છે.

શહેરના નવા રીંગનું કામ પુર જોશમાં ચાલુ છે. ફોરલેન રોડ બનાવવા માટે વચ્ચે આવતા મુખ્યમાર્ગો ઉપર બ્રિજ બનાવવામાં આવી રહ્યા છે. ત્યારે આજરોજ મોડી રાત્રીના સમયે કોરાટ ચોક નજીક નવનિર્માણ બ્રિજ નો એક હિસ્સો ધરાશાય થવાની ઘટના બનેલ અને આ મુદ્દે ચકચાર જાગેલ ઘટનાની જાણ થતા રૂડાના અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટરો ઘટના સ્થળે દોડી ગયા હતા.

# ઘી-પનીરના નમૂના ફેઈલ: મિલાવટ સાબિત

## મોરબી રોડ પર આવેલ શ્રીરામ ડેરી સહિત અન્ય સ્થળેથી લેવામાં આવેલા નમુનાનું પૃથકરણ દરમિયાન મિલાવટ આવી સામે

રાજકોટ, તા. ૨૩

મહાનગરપાલિકા નું આરોગ્ય વિભાગ છેલ્લા ઘણા સમયથી જે ખાદ્ય ખોરાકનું વેચાણ કરતા વેપારીઓ છે તેના પર તવાઈ બોલાવી રહ્યું છે એટલું જ નહીં વિવિધ સ્થળો પરથી વિવિધ ચીજ વસ્તુઓના નમૂના લઈ તપાસ સાથે લેબોરેટરીમાં પણ મોકલવામાં આવે છે પરંતુ ઘણા ખરા નમુના ફેલ થઈ જતા જે તે વેપારીને આર્થિક દંડ પણ ફટકારવામાં આવતો હોય છે ત્યારે થોડા દિવસ પૂર્વે આરોગ્ય વિભાગની ફૂડ બ્રાન્ચ દ્વારા મોરબી રોડ તથા ગ્રીનલેન્ડ ચોકડી કોઠારીયા રોડ સહિત અમીન માર્ગ પરથી વિવિધ નમુના લેવામાં આવ્યા હતા જેમાં પનીર અને ઘીના નમુનામાં ભેળસેળ કરી હોવાનું માલુમ પડ્યું કારણકે બંનેના લેવાયેલા નમુના ફેલ થતાં ધોરણ સુધીની કાર્યવાહી કરવામાં આવી. ત્યારે હજુ પણ ઘીમાં મિલાવટનો દોર યથાવત જોવા મળ્યો છે. બંને ચીજ વસ્તુઓના ચાર ચાર નમૂના ફેલ થયા હોવાથી હાલ તંત્ર એ પણ વિચારવા જેવું છે..



ફૂડ વિભાગ દ્વારા મોરબી રોડના અભિરામ પાર્ક મેઈન રોડ, શ્રી રામ પાર્ક સામે આવેલ શ્રીરામ ડેરી ફાર્મમાંથી શુધ્ધ ઘીનો નમુનો લેવાયો હતો જેના પૃથ્થકરણ રિપોર્ટમાં બી.આર. રીડીંગ ૪૦ ડિગ્રી અને આયોડિન વેલ્યૂ ધારાધોરણ કરતાં વધુ તથા રીચર્ટ વેલ્યૂ ધારાધોરણ કરતાં ઓછી મળતા આ નમુનો સબસ્ટાન્ડર્ડ(ફેઇલ) જાહેર થયેલ છે.જ્યારે ગ્રીન લેન્ડ ચોકડીના શિવનગર મેઇન રોડ પર આવેલ જય બજરંગ ડેરી ફાર્મમાંથી લેવાયેલા શુધ્ધ ઘીના સેમ્પલના પરીક્ષણમાં પણ આ જ પ્રકારની ભેળસેળ મળતા તે નમુનો પણ વેજીટેબલ ફેટની હાજરીના કારણે ફેઇલ થયો છે.

કોઠારીયા ગામ સોલવન્ટ રોડની રામ દુલારે સોસાયટી પાસે આવેલ પંગત રેસ્ટોરેન્ટમાંથી પનીરનું સેમ્પલ લેવામાં આવ્યું હતું. તેના રીપોર્ટમાં પણ ઘી જેવી જ મિલાવટ હોવાનું બહાર આવતા નમુનો ફેઇલ જાહેર થયો છે. જયારે અમીન માર્ગના પ્રેરણ કોમ્પલેક્ષમાં આવેલ પાયલ પંજાબી ફુડ પાર્સલમાં પનીરનું સેમ્પલ લેવાયું હતું તેના રીપોર્ટમાં પણ બી.આર.રીડીંગ વધુ સહિતની આવી મિલાવટ મળી આવતા ફેઇલ નમુના બદલ આ ચારેય ધંધાર્થી સામે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે તેમ ફૂડ વિભાગે જણાવ્યું છે.

શહેરના હરિધવા મેઇન રોડ -કોઠારીયા રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૯ ધંધાર્થિઓને ત્યાં ૧૫ નમુનાની ચકાસણી કરી સાત વેપારીને નોટીસ અપાઇ છે તેમાં બાપા સીતારામ સ્વીટ, રઘુવંશી ખમણ, પટેલ વડાપાઉં, સપના ડ્રાયફ્રુટ ગોલા, નઝર લાઇવ ચીકી, બાલાજી સેલ્સ એજન્સી અને શ્રી જય મંદિર કોલ્ડ્રીંકસનો સમાવેશ થાય છે. ત્યારે તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવે તે જરૂરી છે કારણ કે માત્ર એક કે બે વાર દંડ કરીને છોડી દેવા તે પણ યોગ્ય નથી ત્યારે જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર હાલ જે કડકાઈથી કામગીરી થવી જોઈએ તે થતી ન હોવાના પગલે વેપારીઓમાં સહેજ પણ ડર રહ્યો નથી આટલા દંડ કરવામાં આવે છે છતાં પણ આજના સમયે પણ મિલાવટ તો થઈ જ રહી છે. ખરા અર્થમાં તંત્રએ આ બાબતે ગંભીરતાપૂર્વક વિચાર કરવો જરૂરી છે.

# વાઈબ્રન્ટની તૈયારી અંગે કલેકટરને ગાંધીનગરનું તેડું

## મહેસૂલી કામગીરીની પણ હાથ ધરાઈ સમીક્ષા : મુખ્ય મુદ્દો વાઈબ્રન્ટ કોન્ફરન્સ રંગે ચંગે કરવાનો

રાજકોટ, તા. ૨૩

રાજકોટ ખાતે આયોજિત થનારી વાઇબ્રન્ટ કોન્ફરન્સ અન્વયે રાજ્ય સરકાર દ્વારા તમામ તૈયારીઓને આખરીઓ આપવામાં આવી રહ્યો છે સાથોસાથ દરેક દિવસ ગાંધીનગર થી કોઈને કોઈ ટીમ રાજકોટ આવી રહી છે અને તૈયારીઓની દેખરેખ કરી રહી છે કારણ કે વડાપ્રધાન આવતા હોવાની વાત થતાં જ હાલ કાર્યક્રમમાં કોઈ પણ પ્રકારની ચુક ન રહી જાય તે વાતની તકેદારી રાખવામાં આવી રહી છે ત્યારે તળાવ તૈયારીઓ હાલ રાજ્ય સરકારે ના સ્થાનિક પ્રશાસન દ્વારા હાથ ધરવામાં આવી છે તે સમયમાં જ રાજકોટ કલેકટર ને ગાંધીનગરનું તેડું આવ્યું હોવાનું પણ માલુમ પડ્યું છે.

સૌરાષ્ટ્ર કચ્છ વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૬ તેમજ જીલ્લાની મહેસુલી કામગીરી અંગે ગાંધીનગરમાં યોજાયેલ હાઈ લેવલ બેઠકમાં હાજરી આપવા માટે જીલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશ દોડી ગયા છે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટની મારવાડી કોલેજ ખાતે યોજાનાર સૌરાષ્ટ્ર કચ્છ વાઈબ્રન્ટ સમીટનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવનાર છે.

આ વાઈબ્રન્ટ સમિટમાં દેશના મોટા ગજાના ઉદ્યોગપતિઓ તેમજ રાજયના મંત્રીઓ અને સચીવો હાજરી આપનાર છે. આ વાઈબ્રન્ટ સમિટ સૌરાષ્ટ્ર કચ્છના ઔદ્યોગીક વિકાસને નવી દિશા આપનારી બની રહેશે. આ વાઈબ્રન્ટ



સમિટમાં કરોડો રૂપિયાના એમઓયુ થનાર છે તેમજ સેમિનારો આયોજીત કરવામાં આવેલ છે.

આ વાઈબ્રન્ટ સમિટના આયોજનમાં કોઈ કચાસ ન રહે તે માટે વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. રાજય સરકારના ઈન્ડેકસ-બી વિભાગના આ સમિટની તૈયારીઓ પર ખાસ દેખરેખ રાખવામાં આવી રહી છે. આ સમિટની તૈયારીઓની સમિક્ષા ગાંધીનગર ખાતે મળેલી હાઈ લેવલ બેઠકમાં કરવામાં આવી છે. તેની સાથોસાથ રાજકોટ જીલ્લાની મહેસુલી કામગીરીની સમિક્ષા પણ આ ખાસ બેઠકમાં કરવામાં આવી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. ત્યારે આગામી દિવસોમાં હાલ સ્થાનિક પ્રશાસન માટે જો કોઈ આસાનું કિરણ અથવા તો પડકાર હોય તો તે વાઇબ્રન્ટ કોન્ફરન્સનું આયોજન છે કારણ કે વડાપ્રધાનની એન્ટ્રી થતી હોવાની હાલ વાયુ કે વાત ચાલી રહી છે પરંતુ આ હજી સુધી વડાપ્રધાન આવશે કે કેમ તેનો કોઈ કન્ફર્મેશન આવ્યું નથી પરંતુ દેશના તથા વિદેશના ટોચના ઉદ્યોગકારો આ સમિટમાં આવનાર હોવાના કારણે વાઇબ્રન્ટ કોન્ફરન્સ રંગે ચંગે થાય તે માટેની તમામ તૈયારીઓ હાલ શરૂ કરી દેવામાં આવી છે.

### કલેકટર કચેરીને મળ્યા ૩૫ ક્લાર્ક

રાજય સરકાર દ્વારા રાજકોટ જીલ્લા કલેકટર કચેરીને નવા ૩૫ જેટલા કલાર્ક ફાળવવામાં આવેલ છે. આ નવી ભરતી થતા જ કલેકટર કચેરીનું જે કામનું કારણ છે તે ઘણા ખરા હશે ઘટી જશે ત્યારે જે ક્લાર્કને જવાબદારી સોંપવામાં આવી છે તેમના માટે કલેક્ટર દ્વારા વિવિધ શાખાઓ ઉપરાંત જીલ્લાની પ્રાંત તથા મામલતદાર કચેરીઓ સહિત મહેસૂરી કચેરીઓમાં નિમણૂકના ઓર્ડર આપવામાં આવ્યા છે જેથી મહેસુલી કામગીરી તથા વહીવટ અત્યંત સરળ બની શકે. આ તમામ કલાર્ક કર્મચારીઓએ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ સ્પર્ધાત્મક પરીક્ષા ઉચ્ચ ગુણાંક સાથે પાસ કરતા તેઓને હાલ પાંચ વર્ષ માટે ફીકસ પગારમાં એડહોક ધોરણે નિમણુંક આપવામાં આવી છે. જેમાં નાણા વિભાગના ઠરાવ મુજબ આ કર્મચારીઓ પાસેથી જરૂરી બાહેંધરી પત્રક પણ લેવામાં આવેલ છે. જીલ્લામાં જે ૩૫ કલાર્ક કર્મચારીઓની નિમણુંક કરવામાં આવી છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# તકલાદી

## નિર્માણાધીન પુલ તૂટ્યો વિનાશક વિકાસ



બદલાયેલા યુગમાં સરકારોનો વિકાસ જ છે. ચોમેર વિકાસ કાર્યો ધમધોકાર ચાલી રહ્યા છે. આ દોડમાં ગુજરાત અગ્રેસર હોય તેમ લાગે છે. રાજ્યમાં ચારેબાજુ વિકાસ કાર્યો નિરંતર ચાલે છે. વિકાસ અનિવાર્ય છે, પરંતુ કોઇ પણ કાર્યમાં ક્વોલિટીનું મહત્વ હોય છે. તકલાદી વિકાસ વિનાશકારી બની શકે છે.

રાજકોટમાં નવા રિંગ રોડ પર બ્રિજનું નિર્માણ થઇ રહ્યું છે. કોરાટ ચોક પાસે આ બ્રિજનો એક ભાગ તૂટી પડ્યો હતો. આ ઘટનાથી ચકચાર મચી હતી.

પુલ નજર સામે તૂટ્યો છે. પણ, આવી ઘટનાઓમાં બહાનાબાજી શરૂ થઇ જતી હોય છે. કોન્ટ્રાક્ટર કંપનીના જવાબદાર માણસે તુરત જ કહ્યું કે, આ પુલ તૂટ્યો નથી. અમે ડિસમેન્ટલિંગ કર્યો છે. પુલનો એક ભાગ બેસ ગયો હતો, તેની આ કાર્ય કર્યું છે.

દાયકરાઓ સુધી ઉભવા માટે બનતા પુલનો ભાગ નિર્માણ દરમિયાન જ બેસ જાય એ સામાન્ય બાબત નથી. વિકાસ કાર્ય તકલાદી હોવાની આ સાબિતી છે. ગુજરાતમાં વિકાસ ધમધોકાર ચાલે છે. પણ, અનેક બ્રિજ વિવાદમાં આવી ગયા છે. જો કે, આ અંગે કોઇ નક્કર કાર્યવાહી થતી નથી.

સરકારી કાર્યો કોન્ટ્રાક્ટ પર આપી દેવાની પરંપરા થઇ ગઇ છે. સરકારમાં ગોઠવાઇ ગયેલના મળતિયાઓને જ મોટાભાગના કોન્ટ્રાક્ટ મળી રહ્યા છે. આ બાબત અયોગ્ય કદાચ ન ગણાય, પરંતુ વિકાસ કામ તકલાદી થાય એ તો કોઇ ભોગે ચલાવી ન લેવાય તેવી બાબત છે. નવે-નવા પુલ તૂટી પડે છે. માર્ગોમાં પણ ખાડા પડી જાય છે. આ બધું ગુજરાતમાં સામાન્ય બની ગયું છે. પણ, એ સામાન્ય ગણવું ન જોઇએ.

વિકાસ કાર્યોની તટસ્થ તપાસ કરીને તેની ગુણવત્તાની ચકાસણી થવી જોઇએ. રાજકોટમાં નિર્માણાધીન પુલ બેસી જાય એ ગંભીર બેદરકારી જ છે. સદનસીબે કોઇ જાનહાની થઇ નથી. પણ, સમગ્ર કાંડમાં કોણે કાચું કાપ્યું તે અંગે ગંભીરતાથી તપાસ કરીને તકલાદી કાર્ય કરનાર અને કરાવનાર ચમરબંદીને પણ કાયદાનું ભાન કરાવવું જરૂરી છે. બહાનાબાજી કરીને છટકી જનારા ખેલાડીઓ વિકાસના દુશ્મન ગણાય, તેને છટકવા ન જ દેવાય.

વિકાસ કાર્યો દેશની અને રાજ્યની પ્રગતિ દર્શાવે છે. પણ, વિકાસ કાર્યો જ તકલાદી હોય તો રાજ્યની અધોગતિ ગણાય. આવી પ્રગતિ લોકો માટે મુશ્કેલી સર્જે અને શાસકને બદનામી આપે છે. તકલાદી વિકાસ અંગે શાસકોએ ગંભીર બનવું જોઇએ. રાજ્ય કે રાષ્ટ્રહિતના ભોગે સ્વહિત સાધનારાને ઉઘાડા પાડવા જરૂરી છે.

આવા મામલામાં લોકોએ પણ સંગઠિત થઇને શાસકો પર દબાણ લાવવું જોઇએ. રાજકોટમાં નવા રિંગ રોડ પર નિર્માણાધીન બ્રિજ બેસી ગયો.... ચકચાર થઇ ગયો પણ લાગી શરત? આ મામલે કોઇને કંઇ નહિ થાય...

# બાંગ્લાદેશમાં હિંસા વચ્ચે ISIના મોટા ષડયંત્રનો પર્દાફાશ

## ભારતમાં આતંકવાદીઓને ઘુસણખોરી કરાવવાનું કાવતરું ઘડાતું હોવાનું આવ્યું સામે

નવીદિલ્હી, તા. ૨૩

બાંગ્લાદેશમાં હિંસા વચ્ચે, પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી, ISI દ્વારા એક મોટા ષડયંત્રનો પર્દાફાશ થયો છે. તે બાંગ્લાદેશ દ્વારા ભારતમાં આતંકવાદીઓને ઘુસણખોરી કરાવવાનું કાવતરું ઘડી રહી છે. પાકિસ્તાની એજન્સીએ ઘણા આતંકવાદીઓને તાલીમ પણ આપી છે. અહેવાલો અનુસાર, આ ઘૂસણખોરીનું આયોજન આસામ, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળ દ્વારા કરવામાં આવી રહ્યું છે. બાંગ્લાદેશમાં રહેતા ગરીબ લોકો અને રોહિંગ્યાઓને પૈસાની લાલચ આપીને જેહાદ માટે ભારતમાં લાવવાનું કાવતરું ચાલી રહ્યું છે. પાકિસ્તાની ગુપ્તચર એજન્સી, ઈર્જાઈ, અને પાકિસ્તાની આતંકવાદી સંગઠનો, લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ બંને સક્રિય છે. ગુપ્તચર સૂત્રો અનુસાર, પાકિસ્તાની આતંકવાદી સંગઠનો જમાત-ઉલ-મુજાહિદ્દીન બાંગ્લાદેશ, અંસાર-ઉલ્લાહ બાંગ્લા ટીમ અને હિઝબુત-તહરિર જેવા કટ્ટરપંથી બાંગ્લાદેશી સંગઠનો સાથે જોડાયા છે. તાજેતરમાં, લશ્કર અને જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા ઘણા આતંકવાદીઓ બાંગ્લાદેશમાં જોવા મળ્યા હતા. જૈશ-એ-મોહમ્મદના સભ્ય મઝહર સઈદ શાહે પણ બાંગ્લાદેશની મુલાકાત લીધી હતી. ગુપ્તચર



એજન્સીઓ સતત બાંગ્લાદેશ સરહદ પર નજર રાખી રહી છે, અને સુરક્ષા દળોને કડક દેખરેખ રાખવા સૂચના આપવામાં આવી છે.

ભારત સાથે વધતા તણાવ વચ્ચે, બાંગ્લાદેશે સોમવારે નવી દિલ્હીમાં તેના હાઇ કમિશન અને ત્રિપુરામાં તેના મિશનમાં વિઝા સેવાઓ સ્થગિત કરી દીધી. ત્રિપુરામાં બાંગ્લાદેશ સહાયક હાઇ કમિશને પણ રવિવારે આવી જ જાહેરાત કરી, મિશનની બહાર વિરોધ પ્રદર્શનો બાદ વિઝા સેવાઓ સ્થગિત કરી. પશ્ચિમ બંગાળના સિલિગુડીમાં વિઝા અરજીઓ પર પ્રક્રિયા કરવા માટે ઢાકા દ્વારા નિયુક્ત કરાયેલા એક ખાનગી ઓપરેટરે પણ તેની સેવાઓ સ્થગિત કરી હોવાનું માનવામાં આવે છે. ગયા અઠવાડિયે વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદીના મૃત્યુ બાદ બાંગ્લાદેશમાં અશાંતિનો નવો મોજો જોવા મળ્યો છે.

સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનોમાં હાદી એક અગ્રણી વ્યક્તિ હતા જેના કારણે તત્કાલીન વડા પ્રધાન શેખ હસીનાને પદભ્રષ્ટ કરવામાં આવ્યા હતા. ગયા અઠવાડિયે, કેટલાક પ્રદર્શનકારીઓએ ભારત સામે ગુસ્સો પણ વ્યક્ત કર્યો હતો. અહેવાલમાં જણાવાયું છે કે બેઠક પછી વિદેશ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ઈન્કલાબ મંચના કન્વીનર શરીફ ઉસ્માન હાદી પર હુમલો કરનારા હુમલાખોરોને ભારતની મુસાફરી કરતા રોકવા માટે ભારતનો સહયોગ માંગવામાં આવ્યો હતો.

# VHPનો બાંગ્લાદેશ હાઈ કમિશન પાસે વિરોધ પ્રદર્શન

## દિલ્હીના રાજ્ય સચિવ સુરેન્દ્ર ગુપ્તા સહિત સંતો ઋષિઓ કાર્યકરો સાથે વિરોધ સ્થળ પર પહોંચ્યા



નવીદિલ્હી, તા. ૨૩

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચાર અને દીપુ ચંદ્ર દાસની મોબ લિંચિંગ સામે વિશ્વ હિન્દુ પરિષદ અને અન્ય હિન્દુ સંગઠનોના સભ્યો કરી રહ્યા છે. પોલીસે બાંગ્લાદેશ હાઈ કમિશનથી લગભગ ૧ કિમી દૂર બેરિકેડ ઉભા કર્યા છે, વિરોધીઓને રોકી દીધા છે, અને મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ૨૨ ડિસેમ્બરે, ભારતીય વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારત બાંગ્લાદેશની ચિંતાઓનો જવાબ આપતા તમામ વિદેશી મિશનની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. વિશ્વ હિન્દુ પરિષદના દિલ્હી રાજ્ય સચિવ સુરેન્દ્ર ગુપ્તા અને ઘણા સંતો અને ઋષિઓ, તેમના સેંકડો કાર્યકરો સાથે, વિરોધ સ્થળ પર પહોંચ્યા. વિરોધીઓએ હિન્દુઓની સલામતી માટે ચિંતા વ્યક્ત કરતા બેનરો હાથ ધર્યા હતા. તેમણે યુનુસ સરકાર પાસેથી માફી માંગવાની અને કેન્દ્ર સરકાર પાસેથી હસ્તક્ષેપની માંગ કરી. બાંગ્લાદેશ હાઈ કમિશન તરફ આગળ વધવાનો પ્રયાસ કરી રહેલા લોકોને રોકવા માટે પોલીસે હળવો બળપ્રયોગ કરવો પડ્યો.

બાંગ્લાદેશ વિદેશ મંત્રાલયના એક નિવેદન અનુસાર, બાંગ્લાદેશે મંગળવારે ભારતમાં તેના રાજદ્વારી મિશન પર થયેલા હુમલાઓ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી અને નવી દિલ્હી અને સિલિગુડીમાં બનેલી ઘટનાઓનો વિરોધ કરવા માટે ભારતીય હાઈ કમિશનરને બોલાવ્યા.

વિદેશ મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે બાંગ્લાદેશ રાજદ્વારી સંસ્થાઓ સામે હિંસા અથવા ધાકધમકીના આવા ઈરાદાપૂર્વકના કૃત્યોની નિંદા કરે છે, જે ફક્ત રાજદ્વારી કર્મચારીઓની સલામતીને જોખમમાં મૂકે છે, પરંતુ પરસ્પર આદરના સિદ્ધાંતો અને શાંતિ અને સહિષ્ણુતાના મૂલ્યોને પણ નબળી પાડે છે. બાંગ્લાદેશમાં હિન્દુઓ સામે થયેલી હિંસા અને દીપુની લિંચિંગથી માત્ર દિલ્હીમાં જ નહીં, સમગ્ર ભારતમાં વિરોધ અને ગુસ્સો ફેલાયો છે. મંગળવારે દિલ્હી ઉપરાંત જમ્મુ, ભોપાલ અને કોલકાતા જેવા શહેરોમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદ (VHP) એ બાંગ્લાદેશમાં હિન્દુઓ પર વધી રહેલા અત્યાચાર અને દીપુ ચંદ્ર દાસની મોબ લિંચિંગ સામે દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈ કમિશન પાસે વિરોધ પ્રદર્શન કર્યું હતું. પ્રદર્શનકારીઓએ યુનુસ સરકાર પાસેથી માફી માંગવાની અને કેન્દ્ર સરકાર પાસેથી હસ્તક્ષેપની માંગણી કરી હતી, બાંગ્લાદેશમાં હિન્દુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી.

## ચીન-ન્યુઝીલેન્ડે આપી રાહત : યુનાઈટેડ સ્ટેટ્સે H1B વિઝા માટેના નિયમો કર્યા કડક

# ભારતીયો માટેની વિઝા સેવામાં USની અવળચંડાઈ

નવીદિલ્હી, તા. ૨૩

ભારતીયો માટે વિઝા અંગે ચાર અલગ અલગ દેશોએ મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. આ નિર્ણયો રાહત અને મુશ્કેલી બંને લાવે છે. રાહત આપનારા ચીન અને ન્યુઝીલેન્ડના છે, જ્યારે મુશ્કેલીઓ ઊભી કરનારા યુનાઇટેડ સ્ટેટ્સના છે. ચોથો નિર્ણય બાંગ્લાદેશ દ્વારા લેવામાં આવ્યો હતો. ભારતના આ પગલા બાદ, મુહમ્મદ યુનુસના દેશે ભારતીયો માટે વિઝા સેવાઓ સ્થગિત કરી દીધી હતી. ભારત સાથે વધતા તણાવ વચ્ચે, બાંગ્લાદેશે નવી દિલ્હીમાં તેના હાઇ કમિશન અને ત્રિપુરામાં તેના મિશનમાં વિઝા સેવાઓ સ્થગિત કરી દીધી હતી. ચાલો પહેલા ચીન વિશે વાત કરીએ. તેણે ભારતીયો માટે ઓનલાઈન વિઝા અરજી પ્રક્રિયાને સરળ બનાવી છે. તેણે ઓનલાઈન વિઝા અરજી સિસ્ટમ શરૂ કરી છે. આ પ્રક્રિયા પહેલાની પ્રક્રિયા કરતાં સરળ છે, જેમાં અરજદારોને અસંખ્ય ભૌતિક દસ્તાવેજો સબમિટ કરવા પડતા હતા. અગાઉ, ભારતમાં ચીની દૂતાવાસે તેના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ, વીચેટ પર જાહેરાત કરી હતી કે ઓનલાઈન વિઝા સેવા સિસ્ટમ ૨૨ ડિસેમ્બરે શરૂ કરવામાં આવશે.

ભારત અને ન્યુઝીલેન્ડના સંબંધો મજબૂત થઈ રહ્યા છે. બંને દેશોએ મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે ભારતીય નાગરિકો માટે વર્ક વિઝા અને વિદ્યાર્થી ગતિશીલતાની ઍક્સેસમાં નોંધપાત્ર વધારો કરશે. આ કરાર હેઠળ, એક નવો ટેમ્પરરી એમ્પ્લોયમેન્ટ એન્ટ્રી વિઝા ૫,૦૦૦ જેટલા ભારતીય વ્યાવસાયિકોને કોઈપણ સમયે ન્યુઝીલેન્ડમાં રહેવા અને કામ કરવાની મંજૂરી આપશે.




ન્યુઝીલેન્ડ દર વર્ષે આઇટી, એન્જિનિયરિંગ, હેલ્થકેર, શિક્ષણ અને બાંધકામ જેવા ઉચ્ચ માંગવાળા ક્ષેત્રોમાં ભારતીય વ્યાવસાયિકોને હજારો ટેમ્પરરી વર્ક વિઝા જારી કરશે. FTA માં ૧૮-૩૦ વર્ષની વયના ભારતીયો માટે ૧૨ મહિના સુધીના વર્કિંગ હોલિડે વિઝાનો પણ સમાવેશ થાય છે અને ભારતીય વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ દરમિયાન અઠવાડિયામાં ૨૦ કલાક સુધી કામ કરવાની મંજૂરી આપે છે.

યુએસએ H1B વિઝા માટેના નિયમો કડક કર્યા છે. તેણે તાજેતરમાં જાહેરાત કરી છે કે બધા અરજદારો સોશિયલ મીડિયા વેરિફિકેશનને આધીન રહેશે. વધુમાં, યુએસએ H1B વિઝા માટે ઇન્ટરવ્યુ પણ રદ કર્યા છે. ૧૫ થી ૨૬ ડિસેમ્બર વચ્ચે હજારો ઉચ્ચ કુશળ કામદારો માટે એપોઇન્ટમેન્ટ રદ કરવામાં આવી હતી. આ તે સમય છે જ્યારે ઘણા H1B ધારકો એપોઇન્ટમેન્ટ શેડ્યૂલ કરે છે અને યુ.એસ.માં રજા પણ છે.

વોશિંગ્ટન પોસ્ટ અનુસાર, સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્રની નવી સોશિયલ મીડિયા સ્ક્રીનીંગ નીતિને પગલે ઇન્ટરવ્યુમાં વિલંબ થઈ રહ્યો છે, જેથી ખાતરી કરી શકાય કે અરજદારો યુએસ રાષ્ટ્રીય સુરક્ષા અથવા જાહેર સલામતી માટે ખતરો ન ઉભો કરે. ભારતીયોને H1B વિઝા મેળવવામાં કેટલો સમય લાગશે તે હજુ સુધી ચોક્કસ નથી.

પીટીઆઈના અહેવાલ મુજબ, H1B વિઝા અરજદારો માટે ઇન્ટરવ્યુ વ્યાપક રીતે રદ થવાથી તેમના યુએસ પાછા ફરવામાં નોંધપાત્ર વિલંબ થવાની ધારણા છે. પીટીઆઈએ અહેવાલ આપ્યો છે કે આ પુનઃનિર્ધારણ દરેક અરજદારને લાગુ પડે છે જેમનો ઇન્ટરવ્યુ ૧૫ ડિસેમ્બર અથવા તે પછી સુનિશ્ચિત થયેલ હતો. યુએસ અધિકારીઓ દ્વારા કડક ચકાસણીના ભાગ રૂપે કરવામાં આવેલા આ રદ કરવાથી ઇન્ટરવ્યુની તારીખો પાછળ ધકેલાઈ જશે અને વિઝા મંજૂરીમાં વિલંબ થશે, જેનાથી અરજદારોની ફરીથી પ્રવેશની સમયમર્યાદા લંબાશે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# રાહુલ સમક્ષ ૨૦૨૬માં અનેક પડકારો

## આઠ મુદ્દાઓમાં ઉકેલ નહીં આવે તો કોંગ્રેસની વધશે મુશ્કેલીઓ

નવીદિલ્હી, તા. ૨૩

વિદેશ પ્રવાસથી પાછા ફર્યા પછી, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ઘણા પડકારોનો સામનો કરી રહ્યા છે જેનો સામનો નવા વર્ષમાં કોંગ્રેસ હાઇકમાન્ડે કરવો પડશે. રાહુલ ગાંધીએ ૨૦૨૫ ના અંતમાં યુરોપનો પ્રવાસ કર્યો હતો, અને શાસક પક્ષના નેતાઓએ તેમની યાત્રા માટે તેમની ટીકા કરી છે. હવે, દેશમાં પાછા ફર્યા પછી, તેમને નવા પડકારોનો સામનો કરવો પડશે. રાહુલ ગાંધીએ ૨૦૨૬ માં શક્ય તેટલી વહેલી તકે ૮ મુખ્ય મુદ્દાઓ પર નિર્ણયો લેવા પડશે. આમ કરવામાં નિષ્ફળતા કોંગ્રેસ પાર્ટી સામે મુશ્કેલીઓ વધારી શકે છે.

૧. શશિ થરૂરનો મુદ્દો : થરૂર તેમના પાછા ફર્યા પછી રાહુલ ગાંધી અને ખડગે સાથે મુલાકાત કરીને તેમનું ભવિષ્ય નક્કી કરવા માંગે છે. કેરળમાં સત્તામાં પાછા ફરવાની આશા રાખતી પાર્ટીએ પહેલા આ મુદ્દાનો ઉકેલ લાવવો જોઈએ, કારણ કે આ જૂથવાદને કારણે છેલ્લી ચૂંટણીમાં ડાબેરીઓએ કોંગ્રેસને હરાવી દીધી હતી, જેના કારણે ડાબેરીઓના એક વખતના કોંગ્રેસ શાસનનો ઇતિહાસ બદલાઈ ગયો હતો.

૨. કર્ણાટક : સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમાર વચ્ચે મુખ્યમંત્રી પદ માટેનો ઝઘડો. આ કોંગ્રેસ માટે સૌથી મોટું રાજ્ય છે, અને ત્યાં પણ, બે અગ્રણી નેતાઓ વચ્ચેનો નિર્ણય હાઇકમાન્ડ માટે એક મહત્વપૂર્ણ પડકાર ઉભો કરે છે.

૩. જાતિ કાર્ડ : બિહારમાં રાહુલનું જાતિ કાર્ડ નિષ્ફળ ગયું. તેમણે ઉચ્ચ જાતિના ભૂમિહાર સમુદાયના દલિત અખિલેશ પ્રસાદ સિંહને હરાવ્યા અને દલિત રાજેશ રામને પ્રમુખ બનાવ્યા. ત્યારબાદ તેમણે ઓબીસી પાર્ટી આરજેડી સાથે કરાર કર્યો, પરંતુ પરિણામ શૂન્ય રહ્યું.



૪. મહારાષ્ટ્ર : જૂના નેતાઓને બાજુ પર રાખીને ઓછા જાણીતા હર્ષવર્ધન સપકલને પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા. જોકે, મહારાષ્ટ્ર જેવા રાજ્યમાં પણ, જે લાંબા સમયથી કોંગ્રેસનો મજબૂત ગઢ રહ્યો હતો, તેમને શરમજનક હારનો સામનો કરવો પડ્યો.

૫. મનરેગા મુદ્દો : મોદી સરકારે યુપીએ સરકારની મુખ્ય યોજના, મનરેગા બદલી નાખી, મહાત્મા ગાંધીનું નામ પણ દૂર કર્યું. પડકાર આ મુદ્દાને જાહેર મુદ્દો બનાવવાનો છે.

૬. મત ચોરી : જ્યારે કોંગ્રેસ તકનીકી રીતે પોતાના દલીલો સાથે મત ચોરીને યોગ્ય ઠેરવી રહી છે, ત્યારે રાહુલે મત ચોરીને ઉજાગર કરવા માટે બિહારમાં એક યાત્રાનું આયોજન પણ કર્યું. તેઓ તેને દેશભરમાં મુદ્દો બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે આ મુદ્દા પર દિલ્હીના રામલીલા મેદાનમાં એક મોટી રેલી યોજી હતી, પરંતુ ત્યારબાદ, બિહારની જેમ મહારાષ્ટ્ર નાગરિક ચૂંટણીઓમાં તે લોકપ્રિય મુદ્દો બનવામાં નિષ્ફળ ગયો. હવે, આ મુદ્દા સાથે જનતાને જોડવી એ એક મોટો પડકાર છે.

૭. બેઠકોની વહેંચણી : તાજેતરની ચૂંટણીઓમાં કોંગ્રેસની નિષ્ફળતા પછી, ઉત્તર પ્રદેશમાં સપા પાસેથી ઈચ્છિત સંખ્યામાં બેઠકો અને જોડાણો મેળવવાનું પણ એક પડકાર બની ગયું છે, કારણ કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછીના રાજકીય આંચકાઓએ કોંગ્રેસને પાછળ ધકેલી દીધી છે. હકીકતમાં, કોંગ્રેસ ઉત્તર પ્રદેશમાં ૧૦૦ થી વધુ બેઠકો ઇચ્છે છે, જે ૨૦૧૭માં સપા સાથેના તેના જોડાણની જેમ છે, જેને સપા હાલમાં સ્વીકારવા તૈયાર નથી.

૮. બંગાળની ચૂંટણી : ૨૦૨૬ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને હાઇકમાન્ડે બંગાળ અંગે નિર્ણય લેવો પડશે. રાજ્ય એકમે એકલા લડવાના પોતાના નિર્ણયની જાણકારી હાઈકમાન્ડને આપી દીધી છે, જ્યારે મમતાના કટ્ટર વિરોધી, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને શક્તિશાળી નેતા અધીર રંજન ડાબેરીઓ સાથે જોડાણના પક્ષમાં છે, જ્યારે ટીએમસી, જે સતત પોતાને ઈન્ડિયા બ્લોકનો ભાગ ગણાવે છે, તે લોકસભામાં કોંગ્રેસ સાથે જોડાણ કરી શક્યું નથી.

### પોલીસ-પ્રજા વચ્ચે વિશ્વાસનો સેતુ સુદ્રઢ કરો : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

# ગુજરાત દેશના વિકાસનું રોલ મોડલ

## શાંતિ-સલામતિ અને સુરક્ષાનું વાતાવરણ જાળવી રાખનારા પોલીસ દળની ફરજનિષ્ઠા સરાહનીય : ગાંધીનગરમાં બે દિવસીય રાષ્ટ્રીય ક્રાઈમ કોન્ફરન્સનો પ્રારંભ

રાજકોટ, તા. ૨૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસનો સેતુ વધુ સુદ્રઢ થાય અને પ્રજાને પોલીસ સાથે જોડાવામાં કોઈ તકલીફ ન રહે તેવા સંગીન વાતાવરણ નિર્માણ માટે રાજ્ય પોલીસ દળના વરિષ્ઠ અધિકારીઓને આહવાન કર્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, પ્રજા સાથેનો સુદ્રઢ સંપર્ક અને પ્રજાનો પોલીસ પરનો વિશ્વાસ એ જ ક્રાઇમ કંટ્રોલ માટેની આપણી આઇ.બી. છે. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, ગુજરાતમાં જે શાંતિ, સલામતી અને સુરક્ષા છે તેના પરિણામે આપણે વિકાસના રોલ મોડલ રાજ્ય તરીકેનું ગૌરવ મેળવ્યું છે. એટલું જ નહીં, ગ્લોબલ કંપનીઝ અને ઉદ્યોગો પણ રાજ્યની આ શાંતિ સુરક્ષાની સ્થિતિને કારણે જ વેપાર-ઉદ્યોગ માટે ગુજરાત પર પસંદગી ઉતારે છે. ગાંધીનગરમાં રાજ્ય સ્તરીય ક્રાઈમ કોન્ફરન્સનો પ્રારંભ કરાવ્યો હતો. આ બે દિવસીય કોન્ફરન્સમાં રાજ્ય પોલીસ વડા સહિત અધિક પોલીસ મહાનિદેશકઓ, આઈ.જી.પી અને રેન્જ આઈ.જી તથા જિલ્લા પોલીસ અધિક્ષકઓ ભાગ લઇ રહ્યા છે.

મુખ્યમંત્રીએ આ રાજ્ય સ્તરીય ક્રાઈમ કોન્ફરન્સને રાજ્યના પ્રજાજનોના ભલા માટે, સલામતી અને સુરક્ષા માટેનું નવું વિચાર ચિંતન-મંથન પૂરું પાડનારું આયોજન ગણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, ગુજરાત પોલીસ ગુનાખોરી નિયંત્રણ અને નિવારણ માટે ટેકનોલોજીના ઉપયોગથી સજ્જ છે. પરંતુ ગુનો આચરનારાઓ પણ હવે ટેકનોલોજીનો ઉપયોગ કરતા થયા છે. આ પડકારને પહોંચી વળવા પોલીસ બેડામાં સતર્કતા સાથે વધુને વધુ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ જરૂરી બન્યો છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

પોલીસ દળમાં એ.આઈ.નો ઉપયોગ, કોસ્ટલ સિક્યુરિટી, સાયબર ક્રાઈમ અટકાવવાની



શ્રેષ્ઠ કામગીરી અંગે પણ આ બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, પોલીસ દળની પ્રજાલક્ષી નીતિઓ, પોલીસિંગ સહિતની વ્યવસ્થાઓનો છેક ગ્રામ્ય સ્તર સુધી સમાન રીતે પહોંચે તે પણ વરિષ્ઠ અધિકારીઓએ સુનિશ્ચિત કરવું જોઈએ.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસ કાયદો અને વ્યવસ્થાની જાળવણી ઉપરાંત ક્રાઈમ ડિટેક્શન-પ્રિવેન્શન તેમજ કોમ્યુનિટી આઉટ્રીચ સહિતના તમામ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કામગીરી કરી રહ્યું છે. સામાજિક સમસ્યાઓ સામે, અસામાજિક તત્વો સામે અને સાયબર ગુનેગારો સામે ગુજરાતે રીતસરનો હલ્લાબોલ બોલાવીને અદ્દભુત કામગીરી કરી છે, તે બદલ ગુજરાત પોલીસની સમગ્ર ટીમને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અભિનંદન પાઠવ્યા હતા. બે દિવસીય ક્રાઈમ કોન્ફરન્સ દરમિયાન જુનિયર આઇપીએસ અધિકારીથી માંડીને સિનિયર આઇપીએસ તમામ અધિકારી દ્વારા રજૂ કરવામાં આવનાર નવા વિષયો અને બેસ્ટ પ્રેક્ટિસિસને મુક્ત મને સ્વીકારવા આહવાન કરતા ઉમેર્યું હતું કે, જ્યારે આ રાષ્ટ્રીય સ્તરની ક્રાઈમ કોન્ફરન્સનો આયોજન કરવાનો વિચાર કર્યો ત્યારે તમામ શહેર/જિલ્લાના ડીસીપી/એસપી કક્ષાના અધિકારીઓનો પણ સમાવેશ કરવા ભાર મૂકવામાં આવ્યો હતો, જેથી આ કોન્ફરન્સ થકી તેમના આઇડિયા શેરિંગ થાય અને તેમના દ્વારા કરવામાં આવી રહેલા ટેક્નોલોજીના ઉપયોગ તથા તેમને અલગ અલગ ક્ષેત્રે કરેલા નવા પ્રયાસોનું પરસ્પર આદાન પ્રદાન થાય. આ પ્રસંગે સીઆઈડી ક્રાઈમ ડીજીપી ડો.કે.એલ.એન રાવ, જી.એસ. મલિક, ડો. નીરજા ગોટરું સહિતના ડીજીપી રેન્કના અધિકારીશ્રીઓ ઉપરાંત એડીજીપી, આઇજીપી, ડીઆઇજી તથા એસ.પી રેન્કના આઇપીએસ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સગો હોન્ડા લઈ ગયો, યુવાને સ્મશાનમાં પીધું ફિનાઈલ

## મવડીનો યુવાન સારવાર હેઠળઃ આક્ષેપો અંગે પોલીસની તપાસ

રાજકોટ, તા. ૨૩

અલગ અલગ કારણોસર લોકો અલગ અલગ રીતે આપઘાતનો પ્રયાસ કરતાં હોય છે. દરમિયાન મવડી ગામમાં રહેતાં રાજેશભાઇ જયંતિભાઇ સાગઠીયા નામના સત્યાવીસ વર્ષના યુવાન સાંજે મવડી ગામના સ્મશાનમાં તેના કુટુંબના મયાબાપાની સમાધી-મંદિર પાસે ફિનાઇલ પી આત્મહત્યાનો પ્રયાસ કરતાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો.

આ ઘટનાની જાણ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને કરી હતી. વિગતો જોઇએ તો રાજેશભાઇ




બે ભાઇ અને એક બહેનમાં બીજો છે અને ગેરેજમાં કામ કરે છે. તેણે કહ્યું હતું કે ગઇકાલે બીજ હોવાથી હું અને મારા પત્નિ કાલાવડ રણુજા રામદેવપીરના મંદિરે દર્શન કરવા ગયા હતાં. એ પછી રાજકોટ આવી પત્નિને ઘરે મુકી પોતે મોટા મવા સ્મશાનમાં મયાબાપાની સમાધીએ હોન્ડા લઇને દર્શન કરવા ગયો હતો. આ વખતે અમારા જ કુટુંબનો યુવાન જે ટીઆરબી તરીકે કામ કરે છે તેના સહિત બે જણા આવ્યા હતાં અને આક્ષેપ કર્યો હતો કે તમે અહિ દારૂ પીવા આવો છો. આમ કહી તે મારુ હોન્ડા લઇને જતો રહ્યો હતો અને પોલીસ સ્ટેશને આવવાનું કહ્યું હતું. આથી મને માઠુ લાગી જતાં ત્યાં મંદિર સફાઇ માટે રખાયેલી ફિનાઇલ હું પી ગયો હતો. રાજેશભાઇના આક્ષેપો, નિવેદન મામલે પોલીસે તપાસ શરૂ કરી હતી.

### ઉપલેટાના ખાખીજાળિયા ગામે SMCનો દરોડો

# ખેતરમાં ચાલતું જૂગારધામ ઝડપાયું ૨૪ાા લાખના મુદ્દામાલ સાથે ૭ પકડાયા

રાજકોટ, તા. ૨૩

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ગત રાત્રિ દરમિયાન ઉપલેટા તાલુકાના ખાખી-જાળિયા ગામે ઓચિંતો દરોડો પાડી મોટા પાયે ચાલતા જુગારધામનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે લાખોની રોકડ અને વાહનો સહિત કુલ ?૨૪.૫૯ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.

મળતી માહિતી મુજબ, ખાખીજાળિયા ગામની સીમમાં આવેલ રાજેશ ઉર્ફે રાજુભાઈ સુવાના ફાર્મ હાઉસમાં બહારથી ખેલીઓને બોલાવી જુગાર રમાડવામાં આવતો હોવાની ચોક્કસ બાતમી એસએમસીને મળી હતી.




બાતમીના આધારે પી.આઈ. આર.કે. કરમટા અને તેમની ટીમે મધ્યરાત્રિએ દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ફાર્મમાં જુગાર રમતા ખેલીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે ઘટના સ્થળ પરથી રોકડ રકમ ૩,૧૦,૨૩૦, સાત મોબાઈલ ફોન ૩૯ હજારના, છ વાહનો ૨૧,૧૦,૦૦૦ના મળી કુલ રૂપિયા ૨૪,૫૯,૨૩૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. એસએમસીના આ દરોડામાં મુખ્ય સૂત્રધાર સહિત કુલ ૭ શખ્સોને ઝડપી પાડી ભાયાવદર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે. પોલીસે રાજેશ ઉર્ફે રાજુ ખીમાભાઈ સુવા (રહે. ઉપલેટા મુખ્ય આરોપી), રામદે ઉર્ફે રામભાઈ કરાભાઈ સુવા (રહે. મોજીરા, ઉપલેટા), દિનેશ ગોવિંદભાઈ મકવાણા (રહે. બુટાવદર, જામજોધપુર), મુકેશ નાનુભાઈ ઉનડકટ (રહે. ભાયાવદર), ગિરિરાજસિંહ જીલુભા જાડેજા (રહે. પીપરડી, જામકંડોરણા), અનિલકુમાર કાનજીભાઈ દલસાણીયા (રહે. ભાયાવદર), જયેશ વસનભાઈ કાંગડ (રહે. દેયાર, રાણાવાવ)ને પકડી લઇ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

આ મામલે તમામ આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ ૪ અને ૫ તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૨ (૨) હેઠળ ગુનો નોંધી ભાયાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ દરોડાને પગલે સ્થાનિક પંથકમાં જુગારની પ્રવૃત્તિ કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

# ચેક રિટર્ન કેસમાં જલારામ જીનીંગના ભાગીદાર સહિત પાંચને એક વર્ષની સજા

## ૨૦ લાખના ચેક રિટર્ન કેસમાં કોર્ટે ૨૧ લાખનો ફટકાર્યો દંડ તેમાંથી ૨૦ લાખ ફરિયાદીને વળતર સ્વરૂપે અને એક લાખ સરકારમાં જમા કરાવવાનો કર્યો હુકમ

રાજકોટ, તા. ૨૩

રાજકોટના ડો.યાજ્ઞીક રોડ ઉપર ધંધો કરતા ફરીયાદી હરીભાઈ ચંદારાણા પાસેથી જસદણની જલારામ જીનીંગ ફેકટરીના ભાગીદારોએ લીધેલ રકમ ૫૦ લાખ માંથી રકમ ૨૦ લાખ- પરત અદા કરવા ઈસ્યુ કરી આપેલ ચેક રીટર્નનો કેસ ચાલી જતા સાબિત થતા રાજકોટના એડી. ચીફ જયુડી. મેજી.ચેક રીટર્ન કેસમાં પાંચ આરોપીઓને એક-એક વર્ષની સજા તથા પાંચેય આરોપીઓએ સંયુક્ત અને વિભકત રીતે ૨૧ લાખનો દંડ તરીકે જમા કરાવવા અને જમા ન કરાવે તો વધુ ત્રણ માસની સજા ઉપરાંત ૨૧ લાખ માંથી ૨૦ લાખ ફરિયાદીને વળતર સ્વરૂપે ચુકવવા અને ૧ લાખ સરકારને જમા કરાવવા સીમાચીન્હરૂપ ફરમાવેલ ચુકાદાથી કોર્ટ પરીસરમાં ચર્ચાનો વિષય બની ગયેલ છે.

રાજકોટ શહેરમાં ડોકટર યાશીક રોડ ઉપર ઈમ્પીરીયલ પેલેસ હોટલ સામે માધવ કોમ્પ્લેક્ષમાં ધંધો કરતા ફરીયાદી હરીભાઈ રામજીભાઈ ચંદારાણા પાસેથી જસદણ મુકામેની જલારામ કોટન એન્ડ પ્રોટીન્સ લી. ના ભાગીદાર આરોપી આનંદભાઈ અરવીદભાઈ પોપટ રહે. અંજની ટાવર, ઈન્દીરા સર્કલ પાસે, રાજકોટ નાઓએ સબંધના દાવે પંથાના વિકાસ માટે લીધેલ રકમ રૂા.૫૦,૦૦,૦૦૦/- માંથી રકમ રૂા. ૨૦,૦૦,૦૦૦/- પરત કરવા આરોપી જલારામ જીનીંગ ફેકટરીના ભાગીદાર દરજજે ચેક ઈસ્યુ કરી



આપેલ તથા લેણાનો પત્ર લખી આપેલ અને ઈસ્યુ કરી આપેલ ચેક ફરીયાદી તેના બેંક ખાતામાં રજુ રાખે એટલે ચેક પાસ થઈ જશે પરત ફરશે નહી તેવા વચન, વિશ્વાસ અને ખાત્રીના આધારે ફરીયાદીએ બેંકમાં ચેક રજુ કરતા પાસ ન થતા આરોપીને ડીમાન્ડ નોટીસ આપવા છતા રકમ પરત ન કરતા આરોપી વિરૂધ્ધ રાજકોટના મહે. એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની કાર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ.

ઉપરોકત કેસ ચાલી જતા આરોપી તરફે એવી દલીલો કરવામાં આવેલ કે આરોપીએ ફરીયાદીના પુરાવાનું સચોટ ખંડન કરેલ હોય નિર્દોશ ઠરાવી છોડી મુકવા કરેલ રજુઆત સામે ફરીયાદીના એડવોકેટ સુરેશ ફળદુ ધ્વારા એવી રજુઆતો કરવામાં આવેલ કે ફરીયાદીના કાયદેસરના લેણા પેટે ચેક ઈસ્યુ કરી આપેલ છે, ચેકની કે તે માહેના સહીની તકરાર નથી ફરીયાદી ધ્વારા આપવામાં આવેલ પુરાવો તથા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાથી વિરૂધ્ધનો પુરાવો લાવવામાં વિકલ્પે ફરીયાદીના પુરાવાનું કોગઝન્ટ એવીડન્સથી ખંડન થઈ શકે તેટલો ચુસ્ત, વિશ્વાસપાત્ર, ભરોષાપાત્ર, માનવાપાત્ર તથા પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ પર લાવવામાં આરોપી પક્ષ નિષ્ફળ નીવડેલ છે અને બચાવ પુરવાર કરવા જાતે કે સાહેદો મારફત કે દસ્તાવેજી પુરાવાથી હકીકતો સાબિત કરી ફરીયાદીના પુરાવાનું ખંડન કરી શકેલ નથી, ફરીયાદપક્ષે જયારે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરેલ હોય, ચેક આપ્યાનો કે ચેકમાં સહીનો ઈન્કાર ન હોય ત્યારે ફરીયાદી ચેકોના યથાનુક્રમે પારણકર્તા છે તેમ માની ધારણકર્તાની તરફેણમાં અનુમાન કરવુ જોઈએ વિગેરે મુદાઓ સબંધે લંબાણ પુર્વકની દલીલો કરવામાં આવેલ.

# સર્જન ફાઉન્ડેશનના પ્રમુખ સુરેશ પરમારનો જન્મદિવસ

## પ્રદેશ ભાજપ મીડિયા ઝોન પ્રભારી સહિત અનેક પદ પર કરી રહ્યા છે સમાજસેવા

રાજકોટ, તા. ૨૩

કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી, અટકો નહી અને નડો નહીં, ના સુત્રને જીવનમાં ઉતારનાર પ્રદેશ ભાજપ મીડીયા કમીટીના સદસ્ય (ગાંધીનગર) અને જામનગર શહેર જિલ્લો તેમજ દેવભુમી દ્વારકાના મીડીયા પ્રભારી (જુના જનસંઘી એવા પ્રેસવાળા સ્વ. બચુભાઈ પરમારના સુપુત્ર) સુરેશભાઈ પરમારનો આજે ૨૪ ડિસેમ્બરના રોજ જન્મ દિવસ છે. જેઓ નાગરીક સહકાર બેંકના ઓફીસર તરીકેની સેવા નિવૃતિ બાદ અનેકવિધ સામાજીક અને સેવાકીય સંસ્થાઓ સાથે જોડાઈને સેવાની આહલેક જગાવેલ છે.



સુરેશભાઈ રાજકીય ક્ષેત્રે હાલમાં પ્રદેશ ભાજપ ગાંધીનગર ખાતે મિડીયા વિભાગના કમીટી મેમ્બર તરીકેની કામગીરી કરવાની સાથો સાથ જામનગર શહેર જિલ્લો અને દેવભુમી દ્વારકાના મિડીયા પ્રભારી તેમજ ભાવનગરના સાંસદ અને હાલના કેન્દ્રીય મંત્રી માનનીય શ્રી નિમુબેન બાંભણીયાના (ભાવનગર લોકસભા) પૂર્વ ચુંટણી મિડીયા પ્રભારી તરીકેની સુપેરે કામગીરી કરેલ છે, તેમજ હાલના વૈશ્વીક નેતા અને લોકપ્રિય વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી રાજકોટમાંથી પ્રથમ વખત ધારાસભાની ચુંટણી લડેલ તે સમયે પણ તેમણે મીડીયા કમીટીના મેમ્બર તરીકે રાજકોટમાં કામગીરી કરેલ છે. રાજકોટ મીડિયા પરિવાર સહિત તેમના મિત્ર વર્તુળ તરફથી સુરેશભાઈ પરમારને (મો.નં.૯૮૨૪૩૧૩૯૧૪) શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# કૃણાલ પંડ્યા, રીન્કુ સિંહ સહિતના ક્રિકેટરો રાજકોટમાં

## આજથી વિજય હજારે ટ્રોફીનો પ્રારંભ : આઠ ટીમો વચ્ચે કાંટે કી ટક્કર : રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ અને સણોસરા ખાતેના સ્ટેડિયમ પર મેચ રમશે

રાજકોટ, તા. ૨૩

સાઉથ આફ્રિકા સીરીઝ પૂરી થયા બાદ હવે ન્યૂઝીલેન્ડ સિરીઝ શરૂ થશે જેવા ૧૪ જાન્યુઆરીના રોજ રાજકોટ ખાતે વન-ડે મેચ નું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ આજથી વિજય હજારે ટ્રોફીનો પ્રારંભ થઈ રહ્યો છે. જેમાં ભારતીય ટીમના દિગ્ગજ ખેલાડીઓ રાજકોટ આવી પહોંચ્યા છે. રીન્કુ સિંહ, આકાશદીપ, રિયાન પરાગ, કૃણાલ પંડ્યા હાદિક પંડ્યાનો પણ સમાવેશ થયો છે પરંતુ તે હાલ બરોડા ટીમ સાથે જોડાયો નથી. ત્યારે આ ટુર્નામેન્ટમાં નિરંજનશા સ્ટેડિયમના તમામ ગ્રાઉંડો તથા સણોસરા ખાતે બનાવવામાં આવેલા ગ્રાઉન્ડ ઉપર આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આજથી ફરી વખત રાજકોટમાં ક્રિકેટ ફીવર જોવા મળશે.

દિગ્ગજ ક્રિકેટરો ફરી એક વખત રાજકોટમાં રમતા જોવા મળશે.













ભારતભરમાં વિજય હજારે ટ્રોફી ની શરૂઆત થઈ રહી છે ૨૪ તારીખથી ટુર્નામેન્ટ શરૂ થઈ રહી છે ત્યારે ભારતની ટોચની આઠ ટીમો ના મેચ રાજકોટ ખાતે ફાળવવામાં આવ્યા છે. આ આઠ ટી માં કેટલાક દિવસ ક્રિકેટરોનો પણ સમાવેશ થાય છે જે રાજકોટના નિરંજનશાહ સ્ટેડિયમ ખાતે રમતા જોવા મળશે. વિજય હજારે ટ્રોફી માટે જે આઠ ટીમો રાજકોટ આવી છે તેમાં આસામ, વિદર્ભ, જમ્મુ અને કશ્મીર, બંગાળ, હૈદરાબાદ, ઉત્તર પ્રદેશ ચંદીગઢ તેમજ બરોડાની ટીમનો સમાવેશ થાય છે.

જે દિગ્ગજ ક્રિકેટરો રાજકોટ રમવા આવી રહ્યા છે તેમાં હાર્દિક પંડ્યા, કૃણાલ પંડ્યા, ફાસ્ટ બોલર આકાશ દીપ, મોહમ્મદ સામી, રીન્કુ સિંહ, રિયાન પરાગ જેવા દિગજ ક્રિકેટરો રાજકોટમાં આવી રહ્યા છે.

આવતીકાલે રાજકોટમાં ચાર મેચ રમાશે. જેમાં બે મેચ નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે અને બે મેચ સણોસરા ખાતેદાર સ્ટેડિયમ પર રમાશે.

જે આઠ ટીમ વિજય હજારે ટ્રોફી રમવા રાજકોટમાં આવી છે તેમાં બંગાળની ટીમમાં ભારતના સ્ટાર બોલર મોહમ્મદ સામી આકાશદીપ તેમજ મુકેશકુમાર પણ રમતા જોવા મળશે. ઉપરાંત ટીમના સુકાની તરીકે અભિમન્યુ ઈશ્વરન રહેશે. બીજું બીજી બાજુ ભારતીય ટીમની ટી ટ્વેન્ટી વર્લ્ડ કપ ટીમમાં સામેલ થયેલ રિંકુ સિંહ ઉત્તર પ્રદેશ ક્રિકેટ ટીમના સુકાની તરીકે રાજકોટ આવી રહ્યા છે. તેમની સાથે ભારતના ધ્રુવ જુરેલ પણ મેચમાં રમતા જોવા મળશે. જોકે સૌથી મોટું આકર્ષણ હાર્દિક પંડ્યા બની રહેશે. હાર્દિક પંડ્યાએ ભારતીયટીમમાં પુનરાગમન કર્યા બાદ તોફાની બે અર્ધ સદી ફટકારીને બધા લોકોનું ધ્યાન ખેંચ્યું છે. જોકે હાર્દિક પંડ્યાનું હજુ રમવું અનિશ્ચિત માનવામાં આવે છે.પણ હાલ તો બરોડાની ટીમમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે જોકે તે ટીમની સાથે આવ્યો નથી. ઉપરાંત તેમના ભાઈ કૃણાલ પંડ્યા પણ અહીં સુકાની તરીકે રમતા જોવા મળશે. અન્ય ટીમની વાત કરીએ તો આસામની ટીમમાં રિયાન પરાગ પણ સામેલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગત વર્ષની રનર અપ વિદર્ભ ટીમ પણ અહીં રમવા મેદાને ઉતરશે

### પરલોકમાંથી કોને ક્યારે કેવી રીતે તેડુ આવે તે નથી હોતું નક્કી

# રિવર્સ આવેલી 'કાર' બાળકી માટે બની 'કાળ'

## કલરકામના કારીગરે જોયા વગર કાર રિવર્સ લીધી ને માસુમ બાળા ચગદાઇ ગઇઃ બીજી ઘટનામાં પરિણીતાએ મોત મેળવતાં ચાર સંતાન થયા માઁ વિહોણાઃ આધેડ, વૃધ્ધના બેભાન હાલતમાં મોતઃ એક પરિણીતાએ કર્યો આત્મહત્યાનો પ્રયાસ

રાજકોટ, તા. ૨૩

અપમૃત્યુની ઘટનાઓનો સિલસિલો યથાવત રહ્યો હતો. એક બનાવમાં કંપનીના કમ્પાઉન્ડમાં રમી રહેલી સવા વર્ષની બાળકી માટે રિવર્સમાં આવેલી કાર કાળ બની ગઇ હતી. કારના ચાલક શખ્સે આગળ પાછળ જોયા વગર જ રિવર્સ લઇ લેતાં પાછળ બાળકી ચગદાઇ ગઇ હતી અને પ્રાણ નીકળી ગયા હતાં. બીજી ઘટનામાં એક મહિલાએ અકળ કારણોસર ગળાફાંસો ખાઇ દુનિયા તરછોડી દેતાં તેના ત્રણ સંતાનો મા વગરના થઇ ગયા હતાં. અન્ય બે બનાવમાં વૃધ્ધા અને આધેડના બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયા હતાં. એક કિસ્સામાં રિસામણે બેઠેલી પરિણીતાએ મરી જવાનો પ્રયાસ કર્યો હતો, તેણે ફાંસો ખાઇ મોત મેળવવા પ્રયત્ન કરતાં તે વખતે જ પરિવારજનો આવી જતાં બચી ગઇ હતી.

પ્રથમ કરૂણ ઘટના પર નજક કરીએ તો વાહન અકસ્માતના બનાવમાં ચાલકની બેદરકારીને કારણે એક મજૂર પરિવારની ચૌદ મહિનાની એટલે કે સવા વર્ષની ઉમર વય ધરાવતી દિકરીનું મોત થયું છે. કંપનીના કમ્પાઉન્ડમાં આ બાળકી રમી રહી હતી ત્યારે કલર કામ કરવા આવેલા યુવાને પોતાની કાર રિવર્સમાં લીધી તે વખતે આ બાળકી કારની ઠોકરે આવી ગઇ હતી અને મોત થયું હતું. વાંકાનેરના ઢુવા ગામે આવેલી ક્યુટન સીરામીકમાં કામ કરતાં અને ત્યાં જ ક્વાર્ટરમાં રહેતાં મુળ મધ્યપ્રદશેના જીતેશભાઇ સુરપસિંગ ઠાકુરની દિકરી આયુષી કે જેની ઉમર ચૌદ મહિના હતી તે સાંજે પાંચેક વાગ્યે કંપનીના કમ્પાઉન્ડમાં રમી રહી હતી ત્યારે રિવર્સમાં આવેલી કારની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થઇ હતી.

આ માસુમ ફુલડા જેવી બાળકીને લોહીલુહાણ હાલતમાં મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. અહિ આજે સવારે બાળકીનું મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ રાજકોટ સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં વાંકાનેર તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર આયુષી ત્રણ ભાઇથી નાની હતી. પિતા જીતેશભાઇએ કહ્યું હતું કે કંપની ખાતે મનિષભાઇ નામનો યુવાન કલરકામ કરવા માટે આવ્યો હતો. તેણે પોતાની કાર રિવર્સમાં લીધી ત્યારે પાછળ મારી દિકરી રમતી હોઇ





તેને ઠોકરે ચડાવી દીધી હતી. વાંકાનેર તાલુકા પોલીસે આ બનાવ સંદર્ભે તપાસ કરી જરૂરી કાર્યવાહીની તજવીજ કરી હતી.

બીજી ઘટના પર નજર કરીએ તો ચોટીલાના અકાળા ગામે રહેતી પાંત્રીસ વર્ષની ક્રિષ્નાબેન ચતુરભાઇ વાઘરોળીયા નામની મહિલાએ ગાળાફંસો ખાઇ લેતાં ખાનગી હોસ્પિટલમાં બાદમાં ચોટીલા હોસ્પિટલમાં ખસેડાયેલ હતી. પરંતુ તેણીનું મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ થતાં ચોટીલા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયા છે. આપઘાત કરનાર ક્રિષ્નાબેનના લગ્ન અઢાર વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. પતિ ખેત મજૂરી કરે છે. સાસરીયા પક્ષના લોકો આપઘાતનું કારણ જાણતાં ન હોઇ પોલીસે તપાસ યથાવત રાખી છે. પોલીસ માવતર પક્ષના પણ નિવેદનો નોંધી આગળ કાર્યવાહી કરશે. ત્રણ સંતાન મા વિહોણા થઇ જતાં પરિવારમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી.

ત્રીજા અને ચોથા બનાવમાં ગોડલ રોડ સદ્દભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં સુડતાલીસ વર્ષના હસમુખલાલ પોપટલાલ સોની અને પડધરી નજીક સદ્દભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં જવીરબેન ભગવાનજીભાઇ મિસ્ત્રી કે જેની ઉમર સત્યાસી વર્ષ હતી તેઓ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં માલવીયાનગર અને પડધરી પોલીસને જાણ કરવામાં આવી હતી.

આપઘાતના પ્રયાસની ઘટના જોઇએ તો પોપટપરા શેરી નં. ૭માં સાસરૂ ધરાવતી રેશ્માબેન સાજીદભાઇ શેખ નામની ત્રેવીસ પરિણીતાએ ભગવતીપરા સદ્દગુરૂ પાર્કમાં પિતા હબીબભાઇ બચુભાઇ કુરેશીના ઘરે પોતાના ગળામાં ચુંદડી નાંખી બંને છેડા ખેંચી ગળાફાંસો ખાવાનો પ્રયાસ કરતાં પરિવારજનો જોઇ જતાં જીવ બચાવી લઇ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. રેશ્માબેનના સગાએ જણાવ્યું હતું કે રેશ્માબેનના લગ્ન ચાર વર્ષ પહેલા પોપટપરાના સાજીદભાઇ શેખ સાથે થયા છે. પણ લગ્નના એક વર્ષ બાદ ત્રાસ શરૂ થતાં તેણી ત્રણ વર્ષથી ભગવતીપરામાં માવતરે રિસામણે છે અને કોર્ટ કેસ ચાલુ છે. જો કે લાંબો સમય થવા છતાં આ કેસનો કોઇ નિવેડો આવતો ન હોઇ તેણીએ કંટાળીને જાતે જ ગળામાં ચુંદડી વીંટાળી બંને છેડા ખેંચી ફાંસો ખાવા પ્રયાસ કર્યો હતો. પણ પરિવારજનો જોઇ જતાં બચાવી લીધી હતી.

### સોશિયલ મિડીયાથી વધુ એક શિકાર કર્યોઃ આઠસો પચાસ ટકા નફાની અપાઇ લાલચ!

# ધંધાની લાલચમાં વૃદ્ધે ગુમાવ્યા ૧ કરોડ

## શેર બજારમાં રોકાણ સામે નેવુ કરોડનો નફો ઓનલાઇન બતાવાયો પણ રોકાણ સામે નેવ લાખ પરત અપાયા, બાકીના ખાઇ જવાયા

રાજકોટ, તા. ૨૩

શેરબજાર, ટાસ્ક, ફોરેક્સમાં રોકાણના નામે ગઠીયાગીરી અટકતી જ નથી. લાલચની જાળ બીછાવીને ઓનલાઇન ગઠીયાઓ લગભગ દરરોજ કોઇને કોઇ મોટો શિકાર કરી લેવામાં સફળ થઇ રહ્યા છે. આવી વધુ એક ઠગાઇ થઇ છે, બ્યાંસી વર્ષના વૃધ્ધ સાથે શેર બજારમાં રોકાણના નામે અધધધ એક કરોડ અગીયાર લાખની ઠગાઇ થઇ ગઇ છે. સોશિયલ મિડીયા થકી આ વૃધ્ધને ફસાવીને જુદા જુદા ગ્રુપ કે જે સેબી માન્ય છે તેવી લાલચ આપી ફસાવી લેવાયા હતાં.



વિગતો પર નજર કરીએ તો વડોદરામાં રહેતાં બ્યાંસી વર્ષના વૃદ્ધ સાથે શેર બજારમાં રોકાણના નામે ૧.૧૧ કરોડની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસ મથકે નોંધાઈ છે. જેમાં બેંક ખાતાના આધારે પોલીસે ભેજાબાજોની શોધખોળ હાથ ધરવામા આવી હતી. શેર બજારમાં મોટા નફાની લાલચે ખાસ કરીને વૃદ્ધ અને નિવૃત લોકો સાથે છેતરપિંડીના બનાવો બની રહ્યા છે. ત્યારે વધુ એક ફરિયાદ નોંધાઈ છે. ગોત્રી રોડ વિસ્તારમાં રહેતા અને ખાનગી કંપનીમાંથી નિવૃત થયેલા બ્યાંસી વર્ષના વૃદ્ધને સોશિયલ મીડિયા ઉપર જાહેરાત આપી લલચાવ્યા હતા અને રોકાણ સામે અધધધ આઠસો પચાસ ટકા નફાની લાલચ આપી હતી.

આ ઉપરાંત વૃદ્ધે જુદા જુદા ગ્રુપ જોઈન કર્યા હતા અને સેબી માન્ય સંસ્થા હોવાનું ભેજાબાજોએ જણાવ્યું હતું. આ રીતે કુલ ૧.૨૦ કરોડનું રોકાણ કર્યું હતુ જેની સામે ૯૦ કરોડ નફો ઓનલાઈન દર્શાવ્યું હતું. જેમાં ઉપાડવા જતા માત્ર ૯ લાખ રૂપિયા પરત આવ્યા હતા. બાકીના રૂપિયા ૧.૧૧ કરોડ પરત નહીં આવતા વૃદ્ધને શંકા ગઈ હતી. પરિણામે સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ કરી છે. જેમાં બેંક ખાતાના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે. આ પ્રકારની છેતરપિંડીમાં રોકાણકારોને વાસ્તવિક રોકાણ નફાને બદલે નવા રોકાણકારો પાસેથી લીધેલી રકમથી ચૂકવણી કરે છે. જેમાં જોખમ વિના મોટા નફાની લાલચ આપવામાં આવે છે.

આ ઉપરાંત છેતરપિંડી કરનારાઓ કુત્રિમ રીતે ખોટા અને ગેરમાર્ગે દોરનારા નિવેદનો સાથે ઓછી કિંમતના પેની શેર ની કિંમત વધારી દે છે.પછી તે શેર ચા ભાવે વેચે છે. જે શેરની કિંમત પછી અંત્યત ઓછી થઈ જાય છે. ખોટા સલાહકારો અને સોશિયલ મીડિયા કૌભાંડોમાં નિષ્ણાત ટીપ્સ અને ગુપ્ત ફોર્મ્યુલ્યા ઓફર કરવામાં આવે છે અને આ રીતે જે તે રોકાણકારને સરળતાથી લાલચની જાળમાં ફસાવી નાણા ઉસેડી લેવામાં આવે છે. આવા ફ્રોડમાં મોટા ભાગે ગઠીયાઓ સોશિયલ મિડીયાના અલગ અલગ પ્લેટફોર્મનો ઉપયોગ કરતા હોય છે. આ કિસ્સામાં પણ આવી જ રીતે વૃધ્ધના એક કરોડથી વધુ ઉસેડી લેવાયા હતાં.

**એક ચોંકાવનારી ઘટનામાં ખુદ કંપનીના મેનેજર, ઓફિસરે કર્મીઓ સાથે મળી અઢાર ટન ભંગારની કરી ચોરી!**

બીજા બનાવમાં ગાંધીધામમાં વેરહાઉસમાંથી ૧૮ ટન સ્ક્રેપનીચોરીની ઘટના સામે આવી હતી. જેમાં લોજીસ્ટીક કંપનીના જનરલ મેનેજર, સિનીયર ઓફિસરે જ આ કારસ્તાન આચર્યુ હતું.બે કર્મચારીઓ સાથે મળી આ ચોરી કરવામાં આવી હતી. વિગતો જોઇએ તો મીઠીરોહર પાસે લોજિસ્ટિક કંપનીના કંડલા વેરહાઉસમાંથી વેરહાઉસના મેનેજર અને સિનિયર એક્ઝ્યુકેટિવ ઓફિસરે કાવતરૂં રચી રૂ.૫.૯૦ લાખના મુલ્યનો અઢાર ટન લોખંડના ભંગાર ચોરી કર્યો હોવાની ફરિયાદ રિશીકિરણ લોજિસ્ટિક્સ પ્રા. લિ. કંપનીના સિક્યુરિટી અને લાયઝનિંગ ઓફિસરે બી-ડિવિઝન પોલીસ મથકે નોંધાવી હતી. રિશીકિરણ લોજિસ્ટિક્સ પ્રા. લિ. કંપનીના સિક્યુરિટી અને લાયઝનિંગ ઓફિસર વિપુલકુમાર ગગજીભાઈ નકુમે વેરહાઉસના મેનેજર અને સિનિયર એક્ઝિક્યુટિવ ઓફિસર વિરૂધ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર તુરખીયા પ્રા. લિ. કંપનીના ૫૪૧.૮૨ ટન ભંગારનો જથ્થો ગઈ મીઠીરોહર પાસે આવેલા કંડલા વેરહાઉસમાં સ્ટોર કરવામાં આવ્યો હતો. આ સ્ક્રેપની ઇન-આઉટની જવાબદારી વેરહાઉસ મેનેજર બીનોય અબ્રાહમ ચાકો અને જયરામ નોકરાજુ ગુંટી પાસે હતી. બાદ તુરખીયા કંપનીએ પોતાનો છેલ્લો માલ ઉપાડ્યા બાદ ગણતરી કરતાં ૧૮ ટન સ્ક્રેપની ઘટ જોવા મળી હતી.કંપનીના માલિક મનીષભાઈ ગુપ્તાના આદેશ પર તપાસ કરતાં, બીનોય અને જયરામે સ્વીકાર્યું કે તેઓએ અલગ-અલગ તારીખોમાં આ સ્ક્રેપ વિના એન્ટ્રીએ કાઢી લીધો હતો. આ કબૂલાત બાદ કંપનીના માલિકે જણાવ્યા મુજબ તેમણે મેનેજર બિનોય અને સિનિયર ઓફિસર જયરામે રૂ.૫,૯૦,૦૦૦ ના મુલ્યનો ભંગાર વગર એન્ટ્રીએ કઢાવી ચોરી કરી હતી. બી-ડિવિઝન પોલીસે તપાસ શરૂ કરી હતી.

# ઘેર બેઠા કમાણીની લાલચમાં યુવાનને ૯ લાખનો ચૂનો

## ટેલીગ્રામ થકી મેસેજ આવ્યો કે હોટલોને ફાઇવ સ્ટાર રેટીંગ આપો : યુવાને આવુ કર્યુ અને ફસાઇ ગયો બીજા બનાવમાં મહિલાને કંપનીના કોન્ટ્રાક્ટના નામે કંપનીના અધિકારીએ દીધો સવા છ લાખનો ડામ

રાજકોટ, તા. ૨૩

અલગ અલગ રીતે ઠગાઇ કરવાના અને ગઠીયાઓ દ્વારા ગજવા ભરવાના કિસ્સા રોજબરોજ સામે આવતાં રહે છે. વધુ બે બનાવો બન્યા છે જેમાં એક યુવાનને ઘરે બેઠા ગૂગલમાં રીવ્યુ આપી કમાણી કરાવવાના નામે નવ લાખ સાડત્રીસ હજારનો ચૂનો લગાવી દેવાયો હતો. તો બીજા બનાવમાં જાણીતી કંપનીમાં કોન્ટ્રાક્ટ અપાવવાના નામે મહિલા સાથે સવા છ લાખની ઠગાઇ કરી લીધી છે. આ શખ્સે પોતે જે તે કંપનીમાં અધિકારી હોવાની ઓળખ આપી હતી.



**ગઠીયાઓ તૈયાર જ બેઠા હોય છે ક્યારે તમે લાલચમાં આવો અને ભૂલ કરો**

પ્રથમ ઘટના પર નજર કરીએ તો ભુજ તાલુકાના મીરજાપરમાં રહેતા યુવાન સાથે ઓનલાઈન ઠગાઈ થતા સાયબર પોલીસ સ્ટેશન બોર્ડર રેન્જ ભુજમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. મૂળ મોટા આસંબીયાના હાલે મિરજાપરમાં રહેતા ફરિયાદી દેવ પ્રીતેશભાઈ મકવાણાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર તેને ટેલિગ્રામ એપ પર મેસેજ આવ્યો હતો જેમાં ગુગલ રિવ્યુ મેનેજમેન્ટના એચ આર મેનેજરની ઓળખ આપી ગૂગલ મેપ પર હોટલોને ફાઇવ સ્ટાર રેટિંગ આપી ૧૬૦ જોઇનિંગ બોનસ મેળવી શકશો અને ઘરે બેઠા ૫૦૦૦ રૂપિયા કમાઈ શકશો તેવી વાત કરવામાં આવી હતી. ટેલિગ્રામ આઈડી ધારક દ્વારા અલગ અલગ ટાસ્ક આપવામાં આવતા હતા.

આ પછી તેણે ટાસ્ક મુજબ રકમ જમા કરાવી હતી આ રકમ ડિજિટલ વોલેટમાં જમા થતી હોવાનું કહ્યું હતું અને ફરિયાદીએ અલગ અલગ યુપીઆઈ મારફતે કુલ ૯,૩૭,૭૩૨ જમા કર્યા હતા અને ક્રિપ્ટો કરન્સી વોલેટમાં આ રકમ દેખાતી હતી. પૈસાની જરૂરિયાત હોતા પૈસા ઉપાડવા માટેના વિકલ્પ પર ક્લિક કરતા ક્રેડિટ સ્કોર ડાઉન હોવાનું જણાવ્યું હતું જેથી ચાર્જ ભરવો પડશે તેમ કહ્યું હતું અને રૂપિયા ઉપડ્યા ન હતા. ફરિયાદીને પોતાની સાથે સાયબર ફ્રોડ થયાનું જણાઈ આવતા ઓનલાઈન સાઈબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર કોલ કરીને ફરિયાદ નોંધાવી હતી અને તે બાદ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી.

ઠગાઇની બીજી ઘટના જોઇએ તો અહિ ગઠીયાગીરી રૂબરૂ સામે આવીને એટલે કે ઓફલાઇન થઇ હતી. ભાવનગરમાં આવેલી નિરમા કંપનીના એક અધિકારીએ ઇલેક્ટ્રીક વિભાગમાં ઇલેક્ટ્રીક કંપનીનો ત્રીસ લાખ રૂપિયાનો કોન્ટ્રાક્ટ અપાવવાનું કહી, જાફરાબાદ ખાતેના મહિલા પાસેથી રૂા. ૬.૧૮ લાખ રૂપિયા આપવા પડશે તેમ કહી મસમોટી રકમ પડાવી લીધી હતી. જે બાદ આજદિન સુધી ત્રીસ લાખ રૂપિયાનો કોન્ટ્રાક્ટ ન અપાવી અને આવો કોઇ જ કોન્ટ્રાક્ટ કંપનીએ બહાર ન પાડ્યો હોવાનું મહિલાને જાણ થતાં, મહિલા સાથે નિરમા કંપનીના અધિકારીએ વિશ્વાસઘાત કરી, છ લાખથી વધુની રકમની છેતરપિંડી આચરવા મામલે મહિલાએ નિરમાના અધિકારી વિરૂધ્ધ વેળાવદર ભાલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. વિશેષ માહિતી અનુસાર અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના રામરહીમ સોસાયટી ખાતે રહેતા ગીતાબેન કાનજીભાઇ બાંભણીયાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

તેમાં જણાવ્યું હતું કે તેમના પતિ કાનજીભાઇ સાથે જગદીશભાઇ ધનજીભાઇ જોષી નામનો મિત્ર આઇ.ટી.આઇ.માં સાથે અભ્યાસ કરતા હતા. જેથી તેઓ પરિચયમાં આવેલા હતા અને જગદીશભાઇ જોષી નિરમા કંપનીમાં અધિકારી તરીકે હોય તેમને નિરમા કંપનીમાં કોન્ટ્રાક્ટર ગીતાબેનને ઇલેક્ટ્રીક કોન્ટ્રાક્ટ અપાવવાનું કિધું હતું અને તેના બદલામાં જે રકમની બીલ પાસ થાય તેમનું કમિશન આપવું પડશે તેમ કહી ગીતાબેનને કંપનીમાં કોન્ટ્રાક્ટ અપાવેલ હતો. ત્યાર બાદ ૨૦૨૫ની સાલમાં નિરમા કંપનીમાં ઇલેક્ટ્રીક વિભાગમાં વધુ ત્રીસ લાખનો કોન્ટ્રાક્ટ ગીતાબેનને જોઇએ તો એડવાન્સ પેટે રૂા. સાત લાખ રૂપિયા આપવા પડશે તેમ ગીતાબેનને વાત કરી હતી.

આથી ગીતાબેને કટકે કટકે રૂપિયા ૬.૧૮ લાખ જગદીશભાઇને ચુકવી આપેલ હતા. પણ પૂર્ણ થવાના આરે આવવા છતાં પણ આજદિન સુધી ગીતાબેનને ત્રીસ લાખ રૂપિયાનો કોન્ટ્રાક્ટ ન મળતા, ગીતાબેને તપાસ શરૂ કરી હતી અને તપસમાં નિરમા કંપની દ્વારા આવો કોઇ જ કોન્ટ્રાક્ટ બહાર ન પાડ્યો હોવાની જાણ થતાં, ગીતાબેન સાથે જગદીશ જોષી નામના અધિકારીએ વિશ્વાસઘાત કરી, રૂા. ૬.૧૮ લાખની છેતરપિંડી આચરતા, જગદીશ ધનજીભાઇ જોષી વિરૂદ્ધ ગીતાબેને વેળાવદર ભાલ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી.

### તમે કેમ મેં મકાન બનાવ્યું એમાં વાંધો લ્યો છો પુછાતાં જમીન મકાનના ધંધાર્થીએ એ અમારા સમાજની જમીન છે, તેમાં શું કામ મકાન બનાવ્યું? તેવો જવાબ દેતાં વાત વણસી

# સમાજની જમીનના ડખ્ખામાં દોસ્ત બન્યા દૂશ્મન

## મોટા મવા લક્ષ્મીના ઢોળે રહેતાં જમીન મકાનના ધંધાર્થી સાથે પાડોશમાં જ રહેતાં મિત્ર અને તેની પત્નિની માથાકુટઃ ડખ્ખો વકર્યો અને વાત એટ્રોસીટી સુધી પહોંચી

રાજકોટ, તા. ૨૩

જર જમીન અને જોરૂ ત્રણેય કજીયાના છોરૂ આ કહેવત અવાર-નવાર સાચી ઠરતી હોય છે. જમીનના મામલે વધુ એક વિવાદ સર્જાતા દોસ્ત દૂશ્મન બની ગયા હતાં અને વાત એટ્રોસીટીના કેસ સુધી પહોંચી ગઇ હતી. શહેરના મોટા મવામાં રહેતાં જમીન મકાનના ધંધાર્થીએ પોતાના સમાજની જમીન પર મકાન બનાવી લીધાના આક્ષેપો સાથે પોતાના જ પાડોશમાં રહેતાં જુના મિત્રને સમજાવતાં આ મિત્ર અને તેના પત્નિએ મળી માથાકુટ કરી જમીન મકાનના ધંધાર્થીને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી બેફામ ગાળો દીધી હતી. આ પછી પણ આ યુવાને સમાધાનના પ્રયાસો કરી પાડોશી મિત્રને સમજાવવા પ્રયત્નો કર્યા હતાં. પરંતુ તે નહિ સમજતાં અંતે પોલીસ ફરિયાદ સુધી વાત પહોંચી હતી.

વિગતો પર નજર કરીએ તો કાલાવડ રોડ મોટા મવા લક્ષ્મીના ઢોળા પર રહેતાં જમીન મકાનના ધંધાર્થી યુવાનને તેના જ પાડોશમાં રહેતાં તેના જુના મિત્ર અને મિત્રના પત્નિએ ગાળો દઇ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતાં ફરિયાદ દાખલ કરાવાઇ છે. આ દંપતિએ જે જમીનમાં મકાન બનાવ્યું તે મામલે ચાલતા વિવાદમાં આ ડખ્ખો થયો હતો. યુનિવર્સિટી પોલીસે આ અંગે મોટા મવા લક્ષ્મીના ઢોળા પર ભૈરવદાદાના મંદિર પાસે રહેતાં અને જમીન-મકાન લે-વેંચનો ધંધો કરતાં ચાલીસ વર્ષના રામજીભાઇ ખીમાભાઇ સોલંકીની ફરિયાદ પરથી તેના જ પાડોશમાં રહેતાં તેના જુના મિત્ર ભગવાનજીભાઇ પુંજાભાઇ કોળી અને ભગવાનજીભાઇના પત્નિ વિરૂધ્ધ એટ્રોસીટી સહિતની કલમો હેઠળ એફઆઇઆર દાખલ



કરી પોલીસે તપાસ આરંભી છે. રામજીભાઇ સોલંકીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને જમીન-મકાન લે-વેંચનું કામ કરી ગુજરાન ચલાવુ છું.

દરમિયાન ગત પંદરમીએ બપોરે ત્રણેક વાગ્યે હું અને મારા મિત્ર ગોવિંદભાઇ બાબરીયા ક્રેટા કાર લઇને મારા ઘરે આવ્યા ત્યારે ઘર બહાર મારા જુના મિત્ર ભગવાનજીભાઇ કોળી મને ઓળખતા હોઇ જે ઉભા હોઇ હું ગાડીમાંથી નીચે ઉતરતા તેણે મને કહેલું કે-મેં કરેલા મકાન બાબતે તમે કેમ વિરોધ કરો છો? જેથી મેં કહેલુ કે તે જ્યાં મકાન કર્યુ તે અમારા સમાજ (બાબાસાહેબ)ની જમીન છે, તો તારે ત્યાં મકાન ન બનાવાય ને. આ સાંભળી ભગવાનજીભાઇ ઉશ્કેરાઇ ગયેલ અને મને જેમ ફાવે તેમ ગાળો દેવા માંડતાં અને મને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતાં મારા મિત્ર ગોવિંદભાઇ વચ્ચે પડ્યા હતાં. તેણે ભગવાનજીભાઇને સમજાવતાં અને વાતચીત કરતાં તે વખતે ભગવાનજીભાઇના પત્નિ કે જેને હું બહેન કહુ છું તે આવી ગયા હતાં અને તેણે પણ મને અપમાનીત કરી ગાળો દીધી હતી.

તેણીએ કહ્યું હતુ કે અમે જ્યાં મકાન બનાવ્યું છે તે જમીન અમારી છે, અમને ત્યાંથી કોઇ કાઢી ન શકે. આમ કહી આ બંને જતાં રહ્યા હતાં. મેં મારા ઘરની બહાર સીસીટીવી કેમેરો રાખ્યો હોઇ તેમાં આ બંનેનું રેકોર્ડીંગ થઇ ગયું હતું. મારે માથાકુટ વધારવી ન હોઇ જેથી જે તે વખતે ફરિયાદ કરી નહોતી. પણ આ લોકો સમજવા તૈયાર ન થતાં અંતે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં રામજીભાઇએ કહેતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ. એચ. અન. પટેલના માર્ગદર્શન હેઠળ આસી સબ ઇન્સ. મુકેશભાઇ પી. ચરમટાએ ફરિયાદ દાખલ કરી હતી. આમ સમાજની જમીન મામલે થયેલી માથાકુટમાં મિત્રો દૂશ્મન બની ગયા હતાં અને વાત પોલીસ ફરિયાદ સુધી પહોંચી ગઇ હતી.

### છરી-ચાકા સાથે પકડવાની ડ્રાઈવ વચ્ચે નેફામાં જ છરી લઈ ફરતાં શખ્સે આચર્યો ગંભીર ગુનો

# છરીના ઘા ઝીંકી નેપાળી યુવાનની હત્યાનો પ્રયાસ

## કેકેવી ચોકમાં સરાજાહેર ઘટનાઃ નેપાળી યુવાનના ખિસ્સામાં હાથ નખાતાં તેણે ફુગ્ગાવાળાને ધક્કો દેતાં થયો હીચકારો હુમલોઃ ગાંધીગ્રામ પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ, તા. ૨૩

શાંત શહેર, રંગીલુ શહેર, મોજીલુ શહેર એવુ રાજકોટ સતત ધબકતું શહેર છે. પરંતુ અહિ પણ હવે અવાર-નવાર કે રોજબરોજ મારામારી, એક બીજા પર હુમલા, ધાકધમકી જેવા બનાવો રોજીંદા બની ગયા છે. કોણ ક્યારે કોના પર શું કામ હુમલો કરી બેસે તેની ખબર જ રહેતી નથી. સહનશક્તિનો અભાવ કહો કે કંઈપણ કેટલાક લોકો છરીઓ લઈને જ નીકળતાં હોય છે અને ગમે ત્યારે ગમે તેના પર ઘા પણ કરી લેતાં હોય છે. એક તરફ પોલીસ રોજબરોજ છરી-ચાકા સાથે નીકળનારા, નશો કરી નીકળનારાઓને પકડવા ડ્રાઈવ કરે છે. બીજી તરફ કોઈપણ નેફામાંથી કોઈપણ જાહેર સ્થળે છરી કાઢી બીજા ઉપર ઘા કરી લે છે. હત્યાની કોશિષનો આવો જ એક બનાવ કેકેવી ચોકમાં બન્યો છે. જેમાં નેપાળી યુવાનને ધક્કો મારવા જેવી વાતે ફુગ્ગા વેંચવાવાળાએ છરીના બે ઘા મારી દઈ હત્યાનો પ્રયાસ કર્યો હતો.

વિગતો પર નજક કરીએ તો મુળ નેપાળનો ચોવીસ વર્ષનો યુવાન છ સાત મહિનાથી નેપાળથી રાજકોટ આવ્યો છે. અહિ તેનો મોટો ભાઈ પરિવાર સાથે રહે છે પરંતુ આ યુવાન ગમે ત્યાં રહેતાં અને ગમે ત્યાં કામ કરી ગમે ત્યાં સુઈ જાય છે. આ નેપાળી યુવાનને રાત્રીના કેકેવી હોલ પાસે અજાણ્યા ફુગ્ગા વેંચવાવાળા શખ્સ સાથે ઝઘડો થતાં તેણે ધક્કો મારતાં ફુગ્ગાવાળાએ છરી કાઢી પેટ-પડખામાં છરીના બે ઘા મારી દઈ હત્યાનો પ્રયાસ કરતાં પોલીસ આરોપીને શોધવા કામે લાગી છે. હત્યાની કોશિષના આ બનાવમાં પોલીસે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ૨૪ વર્ષના ગોપાલના મોટા ભાઈ ચેતનામ નવરાજભાઈ સાઉદની ફરિયાદ પરથી અજાણ્યા વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે. ફરિયાદી ચેતનામ નાના મવા રોડ, પેટ્રોલ પંપ પાસે ગાંધી સ્કૂલ નજીક ભાડેથી રહે છે અને મુળ ટીગાપુર ખખરોલા, કૈલાલી નેપાળનો વતની છે.

ફરિયાદી ચેતનામ પરિવાર સાથે રહે છે અને શ્યામભાઈના સલૂનમાં નોકરી કરે છે. તેણે જણાવ્યું છે કે મારાથી નાનો ભાઈ ગોપાલ છે જે સાત આઠ વર્ષથી રાજકોટમાં આવ્યો છે અને રાજકોટમાં ગમે ત્યાં રહે છે અને ગમે તયાં કામ કરે છે. મારા માતા-પિતા નેપાળ રહે છે. સોમવારે ૨૨મીએ રાત્રીના આશરે અગીયારેક વાગ્યે હુ મારા ઘરે હતો ત્યારે મારા કાકાના દિકરા ગૌરવનો મને ફોન આવેલ અને મને જણાવેલ કે તારા ભાઈ ગોપાલને ચાકુ વાગી ગયેલ છે



જેને એમ્બ્યુલન્સમાં સરકારી હોસ્પીટલમાં લઈ ગયેલ છે તેવો મને વિશાલનો ફોન આવેલ હતો. ગૌરવે આ વાત કરતાં હું તરત જ મારા સસરા ઈન્દ્રભાઈને સાથે લઈ સરકારી હોસ્પીટલ ખાતે પહોંચ્યો હતો. જ્યાં મારા ભાઈ ગોપાલને એક્સ-રે તથા સોનોગ્રાફી કરવાનુ ચાલુ હતું. તેની સાથે મારા કાકાનો દિકરો ગૌરવ પણ હતો.

તે વખતે મેં મારા ભાઈને બનાવ બાબતે પુછપરછ કરતા તેણે જણાવેલ કે દસેક વાગ્યે હુ કે.કે.વી. હોલ પાસે હતો ત્યારે ત્યા ફુગ્ગા વેચવાવાળા એક અજાણ્યા શખ્સે મારી સાથે કોઈ કારણસર ઝઘડો કરતા મેં તેને ધક્કો મારતા તેણે પોતાની પાસે રહેલ છરી મને ડાબી બાજુ પેટના ભાગે પડખામાં મારી દીધી હતી જેથી હુ ત્યા પડી ગયેલ હતો. બાદ કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવેલ હોય જેમા મને અહી દવાખાને લઈ આવ્યા છે. તેમ ગોપાલે મને વાત કરી હતી. ચેતમાન સાઉદે વધુમાં કહ્યું હતું કે મારા ભાઈ ગોપાલને પેટના ભાગે ડાબી બાજુ પડખામાં છરીના બે ઘા મારી અજાણ્યા ફુગ્ગાવાળાએ તેને મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો.

આ બનાવ બારામાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના ઈન્સપેકટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ. એસ. ગોહિલે ગુનો દાખલ કર્યો હતો. આરોપીને શોધવા ડી. સ્ટાફ ટીમ તેમજ એલસીબી ઝોન-૨ પીએસઆઈ આર. એચ. ઝાલા અને ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ગંભીર ઈજાગ્રસ્ત ગોપાલના સગાએ કહ્યા મુજબ ખિસ્સામાં હાથ નાખવા મામલે આ માથાકુટ થતાં તેણે ધક્કો મારતાં આ ડખ્ખો થયાનું કહેવાય છે. જો કે યુવાન ભાનમાં આવે અથવા આરોપી પકડાય પછી સાચી વિગતો સામે આવશે. હાલ ગંભીર હાલતમાં નેપાળી યુવાન સારવાર હેઠળ છે.

### કેકેવી ચોકમાં હત્યાની કોશિષ કરનારાને ક્રાઈમ બ્રાન્ચે કલાકોમાં પકડ્યા

૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલ કે.કે.વી. હોલ પાસે ફરિયાદીના ભાઈ ગોપાલભાઈ સાઉદ સાથે કોઈ અગમ્ય કારણોસર ઝઘડો થયો હતો. આ દરમિયાન શખ્સોએ ઉશ્કેરાઈ જઈ ગોપાલભાઈને પેટના ભાગે છરીનો ઘા ઝીંકી જીવલેણ ઈજા પહોંચાડી હતી અને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. આ મામલે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં કલમ ૧૦૯ તથા ૧૩૫ મુજબ ગુનો નોંધાયો હતો. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગરીયા, ડીસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા તથા એસીપી (ક્રાઈમ) ભરત બી. બસીયા દ્વારા સૂચના આપવામાં આવતા ક્રાઈમ બ્રાન્ચની વિવિધ ટીમો કાર્યરત થઈ હતી. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયા અને એમ.એલ. ડામોરના માર્ગદર્શન હેઠળ ટીમે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. સીસીટીવી ફૂટેજ, ખાનગી બાતમીદારો અને હ્યુમન સોર્સની મદદથી તપાસનો ધમધમાટ તેજ કરી ગણતરીની કલાકોમાં જ બે શખ્સો દેવરાજ ઉર્ફે લાલો મુકેશભાઈ પરમાર (ઉં.વ. ૩૦) રહે. પુલ નીચે, કે.કે.વી. હોલ પાસે (મૂળ રહે. ઘંટેશ્વર). અને સોહન ઉર્ફે સોનું ખીમાભાઈ રાઠોડ (ઉં.વ. ૨૩) – રહે. પુલ નીચે, કે.કે.વી. હોલ પાસે (મૂળ રહે. ઘંટેશ્વર)ને પકડ્યા છે. દેવરાજ અગાઉ જામનગરના બેડી મરીન પોલીસ સ્ટેશનમાં ખૂનની કોશિશ સહિતના ગુનામાં સંડોવાયેલો છે. આ કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર તથા સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.કે.ગોહિલ, એ.એન.પરમાર, એસ.વી.ચુડાસમાં, વી.ડી.ડોડીયા, ડી.પી.ઝાલા અને એ.એસ.ગરચર જોડાયા હતા. તેમની સાથે એ.એસ.આઈ. વિજયરાજસિંહ જાડેજા, અશોકકુમાર કલાલ, સંજયભાઈ દાફડા, રણજીતસિંહ પઢારીયા, ક્રિપાલસિંહ ઝાલા, હિતેન્દ્રસિંહ ઝાલા, અમીત અગ્રાવત, ચેતનસિંહ ગોહિલ, સમીરભાઈ શેખ તેમજ પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રતિકસિંહ રાઠોડ, અર્જુનભાઈ ડવ, પ્રદિપસિંહ જાડેજા, કૃષ્ણદેવસિંહ ઝાલા, હરસુખભાઈ સબાડ અને પોલીસ કોન્સ્ટેબલ તુલશીભાઈ ચુડાસમાં, ગોપાલભાઈ પાટીલ, મયુરધ્વજસિંહ જાડેજા, જીલુભાઈ ગરચર, વિશાલભાઈ દવે, અશ્વિનભાઈ પંપાણીયા તથા રામસીંગભાઈ કલોતરાએ કરી હતી.

# લોનના નામે ઠગ મા-બેટાએ લગાવ્યો ૨૨ાા લાખનો ચૂનો!

## કંપની સંચાકલ વૃધ્ધને ત્રણસો કરોડની લોન અપાવી દેવાની લાલચ આપી કમિશન પેટે રોકડા લઈ લીધા પછી બતાવી દીધો ઠેંગો

રાજકોટ, તા. ૨૩

અલગ અલગ પ્રકારની ઠગાઈની ઘટના એક ભુલો ત્યાં બીજી ચાર હાજર હોય છે. લોકો કેવા કેવા ગાળીયા પરોવીને બીજાના રૂપિયા ખંખેરતા હોય છે તેના એક એકથી ચડીયાતા કિસ્સા દરરોજ સામે આવતા રહે છે. દરરોજ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં આ પ્રકારની ઠગાઈની ફરિયાદો સામે આવતી જ રહે છે. દરમિયાન એક કંપની સંચાલક વૃધ્ધને ઠગ મા-બેટાએ મળી સાડા બાવીસ લાખનો ડામ દઈ દીધો છે. આ કંપની સંચાલકને ત્રણસો કરોડની લોન અપાવી દેવાના નામે શીશામાં ઉતારી લઈ ઠગાઈ કરવામાં આવી છે.

વિગતો પર નજર કરીએ તો વાપીના વૃધ્ધ લાખોમાં છેતરાયા છે. હાલ મહારાષ્ટ્ર ખાતે રહેતા વૃદ્ધ કંપનીના માલિકને સોલાર પ્રોજેક્ટ તથા ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ ઉભા કરવા માટે રૂપિયા ત્રણસો કરોડની બિઝનેશ લોન અપાવવાનુ કહીને તેમની પાસેથી રૂપિયા ત્રીસ લાખ કમિશન પેટે પડાવ્યા હતા. પરંતુ લોન નહી થતા રૂપિયા પરત માગતા માત્ર ૨.૫૦ લાખ પરત આપ્યાં હતા જ્યારે બાકીના રૂપિયા ૨૨.૫૦ લાખ આજ દીન સુધી પરત નહી આપતા માતા પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. વારંવાર ફોન કરતા ઠગો ફોન પણ ઉપાડતા ન હતા. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મૂળ વાપીના અને હાલમાં મહારાષ્ટ્રમાં રહેતા વૃદ્ધ જેઓ એકોતેર વર્ષના છે તેમણે ડીસીબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

આ ફરિયાદમાં તેમણે કહ્યું હતું કે હું દીકરા સાથે મળીને વાપી-વલસાડ ખાતે હિરેન એન્ટરપ્રાઈઝ નામની કેમિકલ મેન્યુફેક્ચરીંગ કંપની ચલાવીએ છીએ. મારી રાધીકા ઈન્ટરમીડીએસ્ટ નામની કંપની વાપી જીઆઈડીસી વલસાડ ખાતે છે. ત્યારે કંપનીમા સોલાર -જેક્ટ તથા ગ્રીન હાઈડ્રોજનના પ્લાન્ટ ઉભા કરવા માટે નાણાની જરૂરીયાત હતી. જેથી મે મારા મિત્ર ગીરીશ શુક્લાજી પાસે મારી રાધીકા ઈન્ટરમીડીએસ્ટ કંપનીના -જેક્ટ ઉભા કરવા માટે નાણાની જરૂરીયાત માટેની વાત કરવા માટે ગયો હતો. ત્યારે તેમણે વડોદરામાં સીગ્નેટ હબ કોમ્પલેક્ષમાં નયના મહીડા સહયોગ ફાઈનાન્સીયલ સર્વીસ નામથી ઓફીસ ચલાવે છે. તેઓ લોન કરી આપશે. મારી કંપનીના -જેક્ટ માટે નાણાની ખુબ જ જરૂરીયાત હોય હુ નયના મહીડાની સહયોગ ફાઈનાન્સીયલ સર્વીસની ઓફીસ અક્ષર ચોક ખાતે આવ્યો હતો.

ત્યાં નયના મહીડા તથા તેમના દીકરા આકાશ મહીડાને કંપનીમાં સોલાર પ્રોજેક્ટ તથા ગ્રીન હાઈડ્રોજનના પ્લાન્ટ ઉભા કરવા નાણાની જરૂરીયાત છે. નયનાબેન મહીડાએ તેઓ ઘણા સમયથી લોન એજન્ટ તરીકેનુ કામ કરવા સાથે સહયોગ ફાઈનાન્સીયલ સર્વિસ નામની પેઢીથી અમને જેટલા રૂપીયાની લોન જરૂર હશે એટલા તમને મળી જશે તેમ જણાવ્યુ હતું. અમારી બીજનેસ લોન તેઓ ચોક્કસ પણે કરાવી આપશે તેવો ભરોસો આપ્યો હતો. નયનાબેન તથા તેના દીકરા આકાશ મહીડાને અમારે ૩૦૦ કરોડની બીઝનેસ લોનની જરૂરીયાત છે. તેવી વાત કરતા તેમણે જો તમારે ૩૦૦ કરોડની લોન કરાવવી હશે તો અમે તમને ૪ ટકા વ્યાજના દરથી લોન મંજુર કરાવી આપીશું. તમારે અમને લોન એજન્ટ તરીકેનું ૩૦ લાખ રૂપિયા કમિશન આપવું પડશે.

આ પછી માતા અને પુત્રે મારી પાસેથી સહયોગ ફાઈનાન્સીયલ પેઢીના એકાઉન્ટમાં એકાઉન્ટમા રૂપીયા ૨૫ લાખ કમિશન પેટે લીધા હતા, પરંતુ, કોઈ લોન નહી કરાવી આપતા તેમની પાસે મે રૂપિયા પરત માગતા તેમણે માત્ર ૨.૫૦ લાખ પરત આપ્યાં હતા. જ્યારે બાકીના ૨૨.૫૦ લાખ લેવા માટે વારંવાર ફોન કરવા છતાં માતા પુત્રે ઉપાડતા ન હતા. જેથી ડીસીબી પોલીસે કંપની સંચાલકની ફરિયાદના આધારે નયના મહિડા તથા આકાશ મહિડા વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે.

### સાયબર ગઠીયાઓ સામે સતર્કતાનો અભાવ લોકોને લાખોમાં નવડાવી રહ્યો છે

# ગણીકાએ પ્રૌઢને ચોપડ્યો લાખોનો ચુનો

## શરૂઆતમાં ફોરેક્સ ટ્રેડીંગમાં અગીયાર હજારના રોકાણ સામે ચૌદ હજાર દીધાઃ લલચાઈને પ્રૌઢે ૨૬ લાખનું રોકાણ કર્યુ અને સામે ફદીયુંય મળ્યું નહિઃ એક ભેજાબાજે ભાડાના બે એકાઉન્ટનો ઉપયોગ કરી પંચાવન લાખ ઉસેડી લીધા

રાજકોટ, તા. ૨૩

રાજ્યભરમાં સતત અવિરત સાયબર ફ્રોડના બનાવો બની રહ્યા છે. હાલમાં મ્યુલ એકાઉન્ટધારકો સામે પોલીસ પગલા ભરી રહી છે. આમ છતાં ઓનલાઈન ગઠીયાઓના કરતુતો અટકતા નથી. લોકો પણ જાગૃત થતાં નથી એટલે આવા ગઠીયાઓનો સરળતાથી શિકાર બની રહ્યા છે. એક પ્રૌઢ ફોરેક્સ ટ્રેડીંગમાં નફો લેવા જતાં તેમને છવ્વીસ લાખ ગુમાવવા પડ્યા છે. ફેસબૂક થકી ગણીકા યાદવ નામની યુવતિએ આ પ્રૌઢનો સંપર્ક કર્યો હતો, વાતો કરી હતી અને ટ્રેડીંગમાં રોકાણ કરવાથી મોટો નફો મળશે તેવા આંબા આંબલી બતાવી લાખો ઉસેડી લીધા હતાં. બીજી તરફ એક ભેજાબાજે બે યુવાનને ભોળવીને પંચાવન લાખની ઠગાઈ કરી છે. આ શખ્સે યુવાનોને કમિશનની લાલચ દઈ તેના એકાઉન્ટનો ઉપયોગ કરી અડધા કરોડના ટ્રાન્જેક્શન કરી લીધા હતાં.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો સાયબર ઠગ ટોળકીઓ લોકોને પોતાની જાળમાં ફસાવી રહી છે. દરમિયાન અમદાવાદમાં ચાંદખેડા વિસ્તારમાં રહેતા એક નિવૃત્ત વ્યક્તિને શેરબજાર અને ફોરેક્સ ટ્રેડિંગમાં ટૂંકા સમયમાં મોટો નફો મેળવવાની લાલચ આપીને ઠગે ૨૬.૯૮ લાખ રૂપિયાની મસમોટી રકમ પડાવી



લીધી છે. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. આ કેસમાં ફરિયાદી અઠાવન વર્ષીય અમિતાભ અક્ષયસિંહ ડાંગી છે, જેઓ અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં નિવૃત્ત જીવન વિતાવે છે. ફેસબુકના માધ્યમથી તે અજાણ્યા ઠગોના સંપર્કમાં આવ્યા હતા. ગણીકા યાદવ અને નિતીશ મેન્ટર નામના વ્યક્તિઓએ તેમને વિશ્વાસમાં લઈ, ખોટી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી અને ટ્રેડિંગના નામે તેમની તથા તેમની પત્નિના બેન્ક ખાતામાંથી કુલ ૨૬,૯૮,૧૯૦ રૂપિયા ટ્રાન્સફર કરાવી લઈ છેતરપિંડી આચરી હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર અમિતાભભાઈ જ્યારે ફેસબુક વાપરી રહ્યા હતા, ત્યારે ગણીકા યાદવ નામની મહિલાએ મેસેન્જર પર સંપર્ક કરી શેરબજારમાં રોકાણથી વધુ કમાણી કરવાની લાલચ આપી હતી. ત્યારબાદ આરોપીઓએ તેમને ડેક્સ ટ્રેડ નામની એક ફેક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી અને માર્કેટ ઈટીએચ એનાલિસ્ટસ નામના વોટ્સએપ ગ્રુપમાં ઉમેર્યા હતા. આ ગ્રુપમાં અન્ય સભ્યો નફાના ખોટા સ્ક્રીનશોટ મૂકીને રોકાણકારોનો વિશ્વાસ જીતતા હતા. શરૂઆતમાં ઠગોએ અમિતાભભાઈ પાસેથી ૧૧,૦૦૦ રૂપિયા રોકાવ્યા અને સામે ૧૪,૦૦૦ રૂપિયા પરત આપીને તેમનો વિશ્વાસ જીતી લીધો હતો.

આ નાની રકમ પર નફો મળતા ફરિયાદીએ વધુ વળતરની આશાએ અલગ-અલગ સમયે ટુકડે-ટુકડે કુલ ૨૬.૯૮ રૂપિયા લાખ જેટલી રકમ આરોપીઓના જણાવ્યા મુજબના બેન્ક ખાતાઓમાં ભરી દીધી હતી. જ્યારે ફરિયાદીએ પોતાના નફા સાથેની રકમ વિડ્રો કરવાનો -યત્ન કર્યો, ત્યારે આરોપીઓએ ત્રીસ ટકા કમિશન અને અન્ય સર્વિસ ચાર્જની માંગણી કરી નાણાં આપવાનો ઈનકાર કર્યો હતો. સતત નવી રકમની માંગણી થતા ફરિયાદીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. અંતે તેમણે સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર જાણ કરી કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. હાલ પોલીસ દ્વારા ગણીકા યાદવ, નીતીશ મેન્ટર અને નાણાં મેળવનાર ખાતાધારકોની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

બીજી ઘટના જોઈએ તો સાયબર ક્રાઈમ માટે વિદેશથી થતી છેતરપિંડીનો પર્દાફાશ થયો છે. કરજણના બે શખ્સોના બેન્ક એકાઉન્ટોનો ઉપયોગ કરી લાખો રૂપિયા ટ્રાન્સફર કરાયા હોવાનું બહાર આવ્યું છે. ભરૂચના એક શખ્સે કરજણના બંને યુવાનોને કમિશનની લાલચમાં ભોળવ્યા હોવાની વિગતો બહાર આવી હતી. સોહીલ સાદીક પટેલ, મોહસીન ફટકીયા અને અનેસયાન પટેલ સામે જિલ્લા પોલીસે નોધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે સમન્વય પોર્ટલ દ્વારા મ્યૂલ એકાઉન્ટની તપાસમાં કરજણની એચડીએફસી બેંકના બે એકાઉન્ટોની વિગતો બહાર આવી હતી. આ એકાઉન્ટ ધારક સામે કેરાલા, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને તેલંગણામાં ફરિયાદો રજિસ્ટર થઈ હતી. એચડીએફસીમાં એકાઉન્ટ સોહીલ પટેલના નામે ઓપન થયું હતું.

બાદમાં આ એકાઉન્ટમાં માત્ર સાત દિવસમાં જ રૂપિયા ૫૫.૭૩ લાખ ઓનલાઈન યુપીઆઈથી જમા થયા હતાં અને બાદમાં યુપીઆઈથી અલગ અલગ બેંકોમાં આ રકમ ટ્રાન્સફર થઈ તે બેંકમાંથી પણ રકમ ઉપાડી લેવામાં આવી હતી. પોલીસે સોહીલની પૂછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે મોહસીને તેના મિત્ર સયાનનો સંપર્ક કરાવ્યો હતો અને તેના કહેવાથી આ બેન્કનું ખાતું ઓપરેટ થતું હતું. પોલીસે સયાન પટેલ ઉપરાંત સાહીલશા હુસેનશા દિવાન અને સોયબ મલેક સામે બીજી ફરિયાદ નોધાવી હતી. જેમાં જણાવ્યું છે કે એચડીએફસીના સાહીલશાના એકાઉન્ટ સામે આધ્ર-દેશ, મધ્ય પ્રદેશ, ગોવા, કેરાલા, મહારાષ્ટ્ર, તામિલનાડુમાં ગુના નોધાયા હતાં જેમાં સાયબર ક્રાઈમ માટે આ ખાતાનો ઉપયોગ થયો હતો. પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતુ કે આ ખાતામાં યુપીઆઈથીરૂપિયા ૯.૪૬ લાખ યુપીઆઈથી જમા થયા હતાં અને બાદમાં તે રકમ ઉપાડીને આંગડિયા મારફતે ભરૂચના સયાન પટેલને મોકલાતી હતી.

### સતત વધી ગયેલી લગ્નના નામે ઠગાઈની ઘટના વચ્ચે વધુ એક યુવાન છેતરાયો

# નિકાહના ૨૦માં દિવસે હીના છનનનનન્!

## ઉપલેટાના યુવાને નાણા ચુકવી એજન્ટ મારફત હીના ખાન સાથે શાદી કરીઃ સસરા, સાળી સહિતના ઘરે આવતાં તે મીઠાઈ લેવા ગયો ને પાછળથી પત્નિ સહિત બધા પલાયન થઈ ગયા!ઃ સાડા પાંચ લાખની ઠગાઈ

રાજકોટ, તા. ૨૩

લગ્નના નામે લગ્નવાંચ્છુ યુવાનો અને તેના પરિવારજનો સાથે ઠગાઈના કિસ્સા અટકતા જ નથી. વધુ એક યુવાન સાથે ટોળકીએ સાડા પાંચ લાખની ઠગાઈ કરી છે. યુવાને એક એજન્ટ મારફત ભીવંડીની યુવતિ હીના સાથે નિકાહ કર્યા હતાં. આ શાદીથી તે ખુબ જ ખુશ હતો, હરખમાં આવી ગયો હતો. પણ હીના તેના જીવનમાટે ખુશરંગ નહિ, દુઃખદાયક બની ગઈ હતી. ખુશીના દિવસોનો માત્ર વીસ દિવસમાં જ ભાંગીને ભુક્કો થઈ ગયો હતો. યુવાનને જે યુવતિ સાથે પરણાવાયો, નિકાહ કરાવાયા એ દૂલ્હન શાદી-નિકાહ કર્યાના વીસમાં દિવસે જ પલાયન થઈ ગઈ હતી. લૂંટેરી દૂલ્હન અને તેની ટોળકી સામે ઉપલેટા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ જિલ્લાના ઉપલેટામાં લગ્નના બહાને છેતરપિંડી કરતી લૂંટરી દુલ્હનની ગેંગનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઉપલેટાના ખ્વાજા નગર વિસ્તારમાં રહેતા બાવીસ વર્ષીય મુસ્લિમ યુવક સાથે મહારાષ્ટ્રની યુવતીએ નિકાહ કર્યા બાદ માત્ર વીસ જ દિવસમાં સોનાના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૫.૫૦ લાખની છેતરપિંડી આચરી પિયરિયાઓ સાથે ફરાર થઈ જતાં પોલીસ ફરિયાદ દાખલ થઈ છે. છેતરાયેલા બાવીસ વર્ષના યુવાન શબીરહુશેન જુબેરભાઈ કાદરીના જણાવ્યા અનુસાર ગત ઓગસ્ટ માસમાં તેઓ મહારાષ્ટ્રના અજંટા ખાતે છોકરી જોવા ગયા હતા. ત્યાં મુલાકાત દરમિયાન એજન્ટ ગુલઝારભાઈએ ભીવંડીની યુવતી સાથે લગ્ન કરાવવાની ખાતરી આપી હતી.

જો કે આ માટે નાણા ચુકવવાની વાત આવી હતી. શબીરહુશેનને શાદી કરવી હોઈ જેથી તેણે એજન્ટની વાતમાં આવીને આ એજન્ટને રૂપિયા ૮૦,૦૦૦ ગૂગલ પે દ્વારા ચૂકવ્યા હતા. ત્યારબાદ તા. ૦૯/૦૯/૨૦૨૫ના રોજ ભીવંડી ખાતે



છેતરાયેલા શબીરહુશેને પત્નિની શોધખોળ આદરતાં સાળી અલફીયાએ ફોન કરી કહ્યું-હવે હીનાને ભુલી જજો, અમે તો આવા જ કામ કરીએ છીએઃ ઉપલેટા પોલીસે ટોળકી સામે દાખલ કરી FIR

હિના મુસ્તફા ખાન નામની યુવતી સાથે શબીરહુશેનના નિકાહ થયા હતા. નિકાહ સમયે યુવતીની અગાઉ નક્કી થયા મુજબ બહેન અલફીયાને રોકડા ૨,૭૦,૦૦૦ આપવામાં આવ્યા હતા. નિકાહ બાદ પત્નિ હિના ઉપલેટા સાસરે આવી હતી. જો કે ગત તા. ૨૯/૦૯/૨૦૨૫ના રોજ હિનાના પિતા મુસ્તફા ખાન, તેની બહેન અલફીયા અને સહેલી જીન્નત અચાનક ઉપલેટા શબીરહુશેનના ઘરે મહેમાન બનીને આવ્યા હતા.

સસરા-સાળી સહિતના મહેમાન બનીને આવ્યા હોઈ હોંશે હોંશે આ બધા માટે શબીરહુશેને બજારમાં મીઠાઈ લેવા ગયો, ત્યારે પાછળથી પત્નિ હિના, તેની બહેન અને સહેલી નાસી છૂટ્યા હતા! એટલુ જ નહિ થોડીવાર બાદ તેના સસરા પણ ત્યાંથી ગાયબ થઈ ગયા હતા. યુવકે જ્યારે પત્નીની શોધખોળ કરી અને એજન્ટનો સંપર્ક કર્યો ત્યારે શરૂઆતમાં આશ્વાસન મળ્યું હતું. પરંતુ બીજા દિવસે સાળી અલફીયાનો ફોન આવ્યો હતો અને તેણે ધમકીભર્યા સૂરમાં જણાવ્યું હતું કે-હિનાની રાહ જોતા નહીં, અમે તો આવા જ કામ કરીએ છીએ! આ સાંભળી શબીરહુશેન ચોંકી ગયો હતો.

છેતરાયેલા યુવાને વધુ તપાસ કરતા જાણવા મળ્યું કે પતિન હિના ઘરમાં રહેલો સોનાનો હાર, સોનાની બંગડીઓ, સોનાની નથણી અને ચાંદીના સાંકળા જેની કિંમત અંદાજે ૧,૫૦,૦૦૦ થાય છે તે તેમજ રૂપિયા ૫૦,૦૦૦ની રોકડ રકમ પોતાની સાથે લઈ ગઈ હતી. આમ એજન્ટની ફી, સાસરી પક્ષને આપેલી રકમ અને ચોરી થયેલા દાગીના મળી કુલ ૫,૫૦,૦૦૦ની છેતરપિંડી આચરવામાં આવી હતી. ઉપલેટા પોલીસે આ મામલે એ.એસ.આઈ. વી.આર. પરમાર સમક્ષ નોંધાયેલી ફરિયાદના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

અહિ એ ખાસ ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર અને મોરબી જેવા જિલ્લાઓમાં પરપ્રાતીય યુવતીઓ દ્વારા લગ્નના નામે છેતરપિંડીના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો થયો છે. અગાઉ પણ રાજકોટ અને ગ્રામ્ય વિસ્તારોમાં મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સહિતના રાજ્યોની ટોળકીઓ એજન્ટો મારફતે લગ્નવાંચ્છુ યુવકોને જાળમાં ફસાવી, લાખો રૂપિયા પડાવીને ટૂંકા ગાળામાં દાગીના અને રોકડ લઈ ફરાર થઈ જવાની ઘટનાઓ બની ચૂકી છે. મોટાભાગના કિસ્સામાં એજન્ટો સ્થાનિક નેટવર્કનો ઉપયોગ કરી મધ્યમવર્ગીય પરિવારોને નિશાન બનાવતા હોય છે, જેના કારણે સામાજિક અને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવે છે. જો કે રાજકોટના અનેક પરિવારોમાં અલગ રાજ્યની યુવતિઓ પરણીને ઠરીઠામ થઈ છે અને સુખેથી સંસાર જીવન જીવી રહી છે. પરંતુ અમુક ટોળકી આ રીતે લગ્નના નામે નકરી ઠગાઈ જ કરે છે એ પણ હકિકત છે.

### સિવિલ હોસ્પિટલના સત્તાધીશો નથી પૂરી પાડતા જરૂરી માળખાગત સુવિધા

# કાર્ડિયો વિભાગ સંભાળવા UN મહેતા હોસ્પિટલ તૈયાર

## સિવિલ હોસ્પિટલમાં કાર્ડિયો વિભાગ નિષ્ક્રિય : માત્ર ઓપીડી ચાલુ : અદ્યતન કેથલેબ હોવા છતાં સુવિધાના અભાવે કાર્યરત નથી : અન્ય કાર્ડિયાક ટ્રીટમેન્ટ માટે દર્દીઓએ બીજા સ્થાન પર જય થવું પડે છે હેરાન

રાજકોટ, તા. ૨૩

કોઈપણ કાર્ય હાથ ધરવામાં આવે તો તેનો લક્ષ્ય અને હેતુ વિકાસ જ હોવો જોઈએ અને લોક સેવા જ હોવી જોઈએ. રાજકોટ સિવિલ હોસ્પિટલ ની વાત કરવામાં આવે તો અહીં અનેકવિધ વિભાગો કાર્યરત છે પરંતુ ક્યાંક ને ક્યાંક સ્ટાફના અભાવે અથવા તો જે સુવિધા મળવી જોઈએ તે યોગ્ય ન હોવાના કારણે અહીં આવતા જે દર્દીઓ છે તેમને ઘણી હાલાકી નો સામનો કરવો પડે છે. તેમાં પણ કાર્ડિયોલોજી વિભાગની વાત કરવામાં આવે તો અહીં કેથલેબ અદ્યતન બનાવી દેવામાં આવી છે પરંતુ તેનો ઉપયોગ સુધી થઈ શક્યો નથી કારણ કે હાલ તેને ચલાવવા માટેના જે તબીબો હોવા જોઈએ તે જ નથી અને આ જગ્યા પર કોઈ તબીબ કામ કરવા માટે પણ તૈયાર થતું ન હોવાનું ભૂતકાળમાં પણ ચિત્ર ઊભું થયું છે. હાલ મળતી માહિતી મુજબ અમદાવાદની યુએન મહેતા દ્વારા કાર્ડિયોલોજી વિભાગનો સંચાલન કરવા માટે સંપૂર્ણ તૈયારી દાખવી છે પરંતુ તેનો યોગ્ય અમલ જે થવો જોઈએ તે થઈ શક્યો નથી છેલ્લા ઘણા સમયથી જગ્યા સહિત જરૂરી માળખાગત સુવિધા આપવા માટેની જે વાત સિવિલ હોસ્પિટલને કરવામાં આવી હતી તેને પણ સિવિલે પરિપૂર્ણ કરી નથી જેના કારણે હાલ માત્ર ઓપીડી જ કાર્યરત થઈ છે. જેથી એન્જોપ્લાસ્ટિ જેવી જે પ્રક્રિયા છે તે કરવા માટે લોકોએ અમદાવાદ સુધી ધક્કો ખાવો પડે છે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ યોગ્ય વ્યવસ્થા ઊભી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે.

યુ એન મહેતા દ્વારા સિવિલ હોસ્પિટલ તંત્રને અનેક વખત આ બાબતે જાણ કરવામાં આવી છે કે તેઓને જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવે તો તે સંપૂર્ણ કાર્ડિયોલોજી વિભાગ કાર્યરત કરી શકે. પરંતુ તંત્ર દ્વારા કેમ ગંભીરતા દાખવવામાં આવતી નથી તે અંગે અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. રાજકોટ સિવિલ હોસ્પિટલનું તંત્ર જાણે ખાડે ગયું હોય તેવું જોવા મળ્યું છે સૌરાષ્ટ્ર કચ્છ માટે દર્દીઓ સિવિલ હોસ્પિટલમાં જ આવતા હોય છે ત્યારે ગુજરાતમાં ન હોય તેવી કેથલેબ પણ રાજકોટ સિવિલ હોસ્પિટલને મળી છે ત્યારે કેથલેબ માટેનો રિપોર્ટ કરાવવા માટે અમદાવાદથી પણ દર્દીઓ રાજકોટ આવતા હોય છે પરંતુ હાલ કેથલેબનું સંચાલન કોણ કરે તે સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો હતો અને દર્દીઓને પણ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાનું માલુમ પડ્યું હતું જે બાદ હાલ આ લેબનો સંચાલન યુએન મહેતા દ્વારા કરવામાં આવે તે માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે યુએન મહેતા ટીમના સભ્યોએ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને આ લેબ શરૂ કરવા માટે તૈયારી પણ દર્શાવી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ મુખ્યમંત્રીના હસ્તે આ લેબનો શુભારંભ કરવામાં આવ્યો હતો અને આને એક વર્ષ જેટલો સમય થયો છે પરંતુ હજી સુધી તેનો લાભ યોગ્ય રીતે જે મળવો જોઈએ દર્દીઓને તે મળ્યો નથી.




રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બે મહિનાથી બંધ પડેલી કેથલેબના કારણે હાર્ટની સારવાર બંધ થતા સેકડો દર્દીઓ પારવાર હાડમારી ભોગવી રહ્યા છે. ત્યારે કેથલેબ સહિત કાર્ડિયાક વિભાગનું સંચાલન યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરને સોંપવાની તજવીજ ચાલી રહી છે. ભૂતકાળમાં યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટની ટીમ રાજકોટ સિવિલની મુલાકાત આવી કેથલેબની મશિનરી સહિતનું નિરીક્ષણ કરી હોસ્પિટલના સત્તાવારાઓ સાથે બેઠક કરી એક મહિનામાં કેથ લેબ શરૂ કરવા તૈયારી દર્શાવી છે.

એકાદ વર્ષ પહેલા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રૂપિયા ૧૦ કરોડથી વધુના ખર્ચે મુખ્યમંત્રીના હસ્ત કેથલેબનો પ્રારંભ કરવામાં આવ્યો હતો બાદમાં એક જ મહિનામાં મશિનમાં ફોલ્ટના કારણે કેથલેબ ફરી બંધ થઈ ગઈ હતી. તે પછી મુંબઈથી ટેકનિશ્યન બોલાવી ફરી શરૂ કરવામાં આવી હતી. આમ સિવીલ હોસ્પિટલમાં હાર્ટની સારવાર જ ડચકા ખાઈ રહી છે.રાજકોટ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા પાંચ મહિના પહેલા હાર્ટમાં સ્ટેન્ટ બેસાડવા સહિતના ઓપરેશનની કામગીરી કરવામાં આવતી હતી પરંતુ ખ્યાતિ હોસ્પિટલના કાંડ બાદ સરકારની નવી ગાઈડલાઈનના કારણે રાજકોટ સિવિલ હોસ્પિટલને ગ્રહણ લાગતા તબીબના અભાવે ફરજિયાત સારવાર બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં કરોડો રૂપિયાની મશીનરી હોવા છતાં તબીબના વાંકે સારવાર બંધ થતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સૌરાષ્ટ્રભરમાંથી દર્દીઓ આવતા હોય કાર્ડિયોલોજીસ્ટના અભાવે દર્દીઓને અમદાવાદ અથવા ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવી પડતી હતી. સિવીલ હોસ્પિટલની કેથલેબ બંધ થતા વડી કચેરીને જાણ કરવામાં આવી હતી.

હાલ સિવિલમાં કાર્ડિયો વિભાગની ઓપીડી જ કાર્યરત થયેલી છે ત્યારે માત્ર નિદાન જ અહીં થતું હોય છે ત્યારે અપેક્ષા અને આશા દર્દીઓને એ જ છે કે હૃદય સંબંધિત કોઈપણ કાર્યવાહી કરવાની હોય તો તે એક જ જગ્યાએથી થાય તે ખૂબ જરૂરી છે ત્યારે સિવિલ હોસ્પિટલ તાકીદે આ બાબતે વિચાર કરી અને જરૂરી સુવિધા જે યુએન મહેતાને પૂરી પાડવામાં આવનાર છે તે અંગે ટાંકી દે પગલાં લઈ જરૂરી વ્યવસ્થા ઊભી કરે જેથી અહીં આવતા દર્દીઓને હેરાનગતિનો સામનો ન કરવો પડે. ગુજરાતમાં ન હોય તેવી કેથ લેબોરેટરી સિવિલમાં ઉપલબ્ધ છે પરંતુ હાલ તે ધૂળ ખાઈ રહી છે ત્યારે સંસ્થા પણ આનું સંચાલન કરવા માટે તૈયાર છે પરંતુ કયા કારણોસર સિવિલ હોસ્પિટલ તેને કામગીરી શોપતું નથી તે અનેક પ્રશ્નો ઊભા કરે છે.

અમદાવાદમાં યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ દ્વારા હાર્ટ સહિતની તમામ સારવાર કરવામાં આવે છે. તેની સારવાર પણ શ્રેષ્ઠ છે. આ ટીમ દ્વારા રાજકોટ સિવિલના કાર્ડિયાક વિભાગનું સંચાલન કરવા માટે તૈયારી દર્શાવતા અમદાવાદથી તબીબોની ટીમ રાજકોટ સિવિલની મુલાકાતે આવી પીએમએસએસવાય બિલ્ડિંગમાં કાર્ડિયાક વિભાગની મુલાકાત લઈ કેથલેબ, ઓપરેશન થિયેટર સહિતની સાધનોનું નિરીક્ષણ કર્યું હતું. આજે રાજકોટ સિવીલ હોસ્પિટલમાં યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટના ડાયરેકટર ડો. ચિરાગ દોશી, આર.એમ.ઓ ડો. જયમીન પટેલ, કાર્ડીયોલોજીસ્ટ ડો.કેતન લીખીયા સહિતની ટીમે સ્થાનિક સત્તાવાળાઓ સાથે બેઠક કરી હતી.

# વાવડીમાં ૫૦ કરોડની સરકારી જમીન દબાણ મુક્ત

## ૫૦૦૦ ચોરસ મીટર જગ્યા પર પાકા ઝૂંપડાઓ, તાત્કાલિક બનાવેલા મકાનો, લારીઓને કરાઈ દૂર

રાજકોટ, તા. ૨૩

છેલ્લા ઘણા સમયથી સમગ્ર રાજ્યમાં હાલ ઘેર કાયદે દબાણોને દૂર કરવા માટેની ઝુંબેશ સ્થાનિક પ્રશાસન દ્વારા હાથ ધરવામાં આવેલી છે ત્યારે ગઈકાલે રાજકોટ તાલુકાના વાવડી ગામમાં સરકારી ખરાબની જમીન પર દબાણો કરનાર તત્વો સામે જિલ્લા વહીવટી તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી છે અને આશરે ૫૦૦૦ ચોરસ મીટર જગ્યા પર થી દબાણો દૂર કરી જમીન ખુલી કરવામાં આવી છે આ કાર્યવાહી દરમિયાન મહાનગરપાલિકા, મામલતદાર કચેરી, પોલીસ વિભાગ તથા અન્ય સંબંધિત વિભાગોની સંયુક્ત ટીમ હાજર રહી હતી.

તંત્ર દ્વારા પૂર્વ સૂચના આપ્યા બાદ આજે સવારથી જ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. સર્વે નંબર ૧૪૯માં આવેલી સરકારી જમીન પર ખડકાયેલા કુલ ૨૦ જેટલા કાચા તેમજ પાકા ઝૂંપડાઓ, તાત્કાલિક બનાવેલા મકાનો, લારીઓ અને અન્ય અનઅધિકૃત માળખાઓને તોડી પાડવામાં આવ્યા હતા. સમગ્ર કામગીરી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

રાજકોટ શહેરની સાથોસાથ જિલ્લા અને તાલુકા સ્તરે પણ હાલ દબાણનું પ્રમાણ ખૂબ વધી ગયું હોવાનું જાણવા મળ્યું છે ત્યારે આ તમામ દબાણોને દૂર કરવામાં આવે અને ખાસ રાજકોટ શહેર તથા જિલ્લાને દબાણ મુક્ત બનાવવા માટેનો તખતો સ્થાનિક પ્રશાસન દ્વારા તૈયાર કરી લેવામાં આવ્યો છે જેના ભાગરૂપે હાલ તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે અને ખાસ તો નોટિસો પાઠવીને ડિમોલિશનની કામગીરી જ હાથ ધરવામાં આવી રહી છે. તેરા ભાગરૂપે વાત સ્પષ્ટ છે કે હવે કોઈપણ સરકારી જગ્યા પર દબાણ કરનાર હશે તેને બક્ષવામાં નહીં આવે. સાથો સાથ એ વાતની પણ સ્પષ્ટતા થઈ ચૂકી છે કે હાલ તમામ મામલતદારો તથા પ્રાંત અધિકારીઓને તેમના વિસ્તારમાં જે પણ દબાણો હોય તેને દૂર કરવા માટેના આદેશો કરી દેવામાં આવ્યા છે.

વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, આ જમીન સરકારી ખરાબાની જમીન છે અને તેના પર કોઈપણ પ્રકારનું દબાણ કાયદેસર નથી. લાંબા સમયથી અહીં ગેરકાયદેસર રીતે વસવાટ અને વ્યવસાયિક પ્રવૃત્તિઓ ચાલી રહી હોવાની ફરિયાદો મળી રહી હતી. ફરિયાદોની તપાસ બાદ જમીન પરના દબાણો દૂર કરવાનો નિર્ણય લેવાયો હતો. ખાલી કરાવવામાં આવેલી આ ૫૦૦૦ ચોરસ મીટર જમીનની વર્તમાન બજાર કિંમત અંદાજે ૫૦ કરોડ રૂપિયા જેટલી થવા જાય છે. આથી, સરકારી જમીનને દબાણમુક્ત કરી તેને સુરક્ષિત રાખવા માટે તંત્ર દ્વારા આ કાર્યવાહી મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

જિલ્લા વહીવટી અધિકારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરનારા સામે આગળ પણ આવી જ કડક કાર્યવાહી કરવામાં આવશે. સાથે જ, લોકોએ કોઇપણ સરકારી જમીન પર અનઅધિકૃત બાંધકામ કે દબાણ ન કરે તેવી અપીલ પણ કરવામાં આવી છે.



# ૧૯૪૦ના ફાર્મસી કાયદામાં સુધારો જરૂરી

## રાજકોટની ઘણી મોટી હોસ્પિટલોમાં કાર્યરત ફાર્મસી તબીબના નામે કાર્યરત જે ગેરવ્યાજબી : કેન્દ્ર સરકાર યોગ્ય નિર્ણય લ્યે તે અનિવાર્ય

રાજકોટ, તા. ૨૩

ડ્રગ્સ વિભાગ સમગ્ર રાજ્યમાં હાલ ફાર્માસિસ્ટ ઉપર તપાસ સમયાંતરે હાથ ધરે છે. જેની પાછળનું એક માત્ર કારણ એ જ છે કે હાલ દવાનું ડુપ્લિકેશન ન થાય અને જે વધારે ભાવ લેવામાં આવતા હોય તેના પર અંકુશ રાખવામાં આવે. પરંતુ અત્યારે ચિંતા નો વિષય તો એ છે કે ઘણા ખરા કિસ્સાઓમાં ફાર્મસી ની દુકાનમાં ફાર્માસિસ્ટ હોતા જ નથી જે ગંભીર ભૂલ અને ગુનો પણ કહેવાય છે. ત્યારે આ પરિસ્થિતિમાં તંત્ર દ્વારા સુ પગલાં લેવામાં આવે તે પણ એટલું જ જરૂરી છે. મળતી માહિતી મુજબ રાજકોટમાં આશરે ૧૨૦૦ થી ૧૩૦૦ નાના મોટા રિટેલ ફાર્મસી ની દુકાનો આવેલી છે જેમાં હાલ ફાર્મસીસ્ટ હોવાનો દાવો એસોસિએશન કરી રહ્યું છે પરંતુ ઘણા ખરા કિસ્સાઓમાં દવાની દુકાનોમાં ફાર્માસિસ્ટ હોતા જ નથી તેવા આક્ષેપો અને આરોપો થઈ રહ્યા છે. જો એ વાત ખરા અર્થમાં પુરવાર થાય તો લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવું સ્પષ્ટ ચિત્ર ઊભું થાય છે અને તેના ઉપર ગંભીર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણીઓ પણ થતી હોય છે. બીજી તરફ મોટી હોસ્પિટલોમાં જે ફાર્મસી ની દુકાનો આવેલી હોય છે તેમાં પણ ફાર્માસિસ્ટ હોતા નથી તેવી અનેક ફરિયાદો ઉઠી રહી છે અને એસોસિએશન એ પણ કબૂલ્યું છે કે આ પ્રકારની ઘણી ખરી હોસ્પિટલો છે કે જેમાં આ પ્રકારે ફાર્મસી ચાલતી હોય.

મળતી માહિતી મુજબ ૧૯૪૦માં ડ્રગ્સ અંગે જે કાયદો બન્યો હતો તેમાં સમયાંતરે અને તબક્કા વાર ફેરફારો કરવામાં આવ્યા છે પરંતુ જરૂરી એ છે કે હવે હોસ્પિટલોમાં જે ફાર્મસી ની દુકાન હોય તેમાં હોસ્પિટલ જે તે ભાગીદારને રાખી અને તે પણ ફાર્માસિસ્ટ હોય તેવાને ફાર્મસીની જવાબદારી સોંપવામાં આવે જેથી જવાબદારી પણ ફિક્સ થશે અને ખાસ લોકોના સ્વાસ્થ્ય સાથે કોઈપણ પ્રકારના ચેડા થશે નહીં. હાલ ઘણી ખરી ફાર્માસિસ્ટ ની દુકાન સામાન્ય વ્યક્તિ ખોલી દે છે અને ફાર્મસીસ્ટને પગાર ઉપર રાખી દે છે જેથી તેની જવાબદારી કોઈ ઉભી થતી નથી અને લોકોને હેરાનગતિનો સામનો પણ કરવો પડે છે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈને જ કેન્દ્ર સરકાર વધુ ધ્યાન કેન્દ્રિત કરે અને નિયમોમાં થોડા ઘણા અંશે ફેરફાર કરે તેવું ફાર્માસિસ્ટ એસોસિએશન જણાવી રહ્યું છે.




બીજી સૌથી મોટી વાત એ છે કે અગાઉ રાજકોટમાં પણ ઘણા ખરા ફાર્માસિસ્ટ ડિગ્રી વગર દવાઓનુ વહેંચણ કરતા હતા જેને લઈને ઘણા ખરા પ્રશ્નો પણ ઊભા થયા પરંતુ ડ્રગ્સ કંટ્રોલર વિભાગ દ્વારા સઘન તપાસ હાથ ધરાતા જ આ દૂષણને દૂર કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ પ્રશ્ન એ છે કે હાલ આ વિભાગમાં પણ મહેકમ હોવું જોઈએ તે નથી આસિસ્ટન્ટ કમિશનર પાસે સિનિયર ડ્રગ ઈન્સ્પેક્ટરનો ચાર્જ છે અને સાથો સાથ તેઓને રાજકોટ સહિત અન્ય જિલ્લાની પણ જવાબદારી સોંપવામાં આવેલી છે ત્યારે તે એક જિલ્લા ઉપર સંપૂર્ણપણે ફોકસ કરી શકે તેમ નથી ત્યારે હાલ સરકારે જે ભરતી બહાર પાડી છે તેનું તાકીદે નિવારણ કરવામાં આવે અને નિમણૂક આપી દેવાય તે ખૂબ જરૂરી છે. રાજકોટમાં ચાર ડ્રગ ઈન્સ્પેક્ટરની જગ્યાઓ છે જેમાંથી ત્રણ ભરાયેલી છે અને ત્રણે ત્રણ ડ્રગ ઈન્સ્પેક્ટરને બે બે જિલ્લા વધુ આપવામાં આવ્યા છે ત્યારે ઈન્ચાર્જનો ભાર હોવાના કારણે તેઓ રાજકોટ ઉપર તાકીદે જે ધ્યાન રાખવામાં આવવું જોઈએ તે રખાતું નથી.

એસોસિએશનના જણાવ્યા અનુસાર મેડિકલ સ્ટોર કે જે હોસ્પિટલમાં કાર્યરત હોય છે તે ડોક્ટરોના નામ પર ચાલતો હોય છે પરંતુ ડોક્ટર દવાઓનું વેચાણ કરી શકતા નથી ત્યારે કોઈ અન્યત્ર વ્યક્તિ આ સમગ્ર ફાર્મસીનું સંચાલન કરતો નજરે પડે છે જે લોકોના સ્વાસ્થ્ય માટે જોખમ ઊભું કરે છે. હાલ આ બાબતે ડ્રગ્સ વિભાગ દ્વારા નક્કર પગલા લેવા ખૂબ જરૂરી છે જ્યાં સુધી આ કામગીરી જતા યોગ્ય પૂર્ણ નહીં થાય ત્યાં સુધી અન્ય ઘણા ખરા પ્રશ્નો ઉભા થતા રહેશે.

હાલ થોડા સમય પૂર્વે જ સિવિલ હોસ્પિટલમાં કાર્યરત જન ઔષધી કેન્દ્રમાં પણ દવાના નિર્ધારિત થયેલા ભાવથી પણ વધુ ભાવ લેતા હતા જે અંગેની જાણ થતા જ ગાંધીનગરની ટીમે તપાસ હાથ ધરી અંતે રિપોર્ટ કર્યા બાદ તે ફાર્મસીને સીલ કરવામાં આવી હતી ત્યારે આવા અનેકવિધ કિસ્સાઓ રાજકોટ શહેરમાં જોવા મળી રહ્યા છે પરંતુ યોગ્ય કામગીરી અને ટ્રક વિભાગ દ્વારા શું ચાલુ વ્યવસ્થા ઊભી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે તો સામે મહેકમના અભાવે સમયાંતરે છે તપાસ અને જે પગલાં લેવામાં આવવા જોઈએ તે લેવાતા નથી જેને લઈને બીજા અન્ય પ્રશ્નો પણ ઊભા થાય છે. હાલ રાજકોટ માટે ફાર્માસિસ્ટ ને લઈને જે પ્રશ્નો ઉભો થયો છે તે પણ જોખમી છે તેના પર યોગ્ય નિયંત્રણ લાદવું ખૂબ જરૂરી અને આવશ્યક બન્યું છે.